અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૧૪ | અંક : ૮૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### યાસિન મલિકના દાવાથી રાજકારણમાં હડકંપ

## મારી હાફિઝ સઈદ સાથે મુલાકાત પર મનમોહન સિંહે આભાર માન્યો હતો

### આતંકવાદી યાસીન મલિકે દાવો કર્યો કે, તેને કહેવાયું હતું કે આતંકવાદી નેતાઓને ચર્ચામાં સામેલ કર્યા વગર પાકિસ્તાન સાથેની ચર્ચા સાર્થક થઈ શકે નહીં





। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ટેરર ફંડિંગ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા જમ્મુ અને કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (JKLF)ના આતંકવાદી યાસીન મલિકના ચોંકાવનારા દાવાથી રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. તેણે કહ્યું કે, ૨૦૦૬માં તેણે ૨૬-૧૧ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદ સાથે પાકિસ્તાનમાં મુલાકાત કરી હતી અને આ મુલાકાત માટે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે તેનો વ્યક્તિગત આભાર માન્યો હતો. આ દાવો મલિકે ૨૫ ઓગસ્ટના રોજ દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં કર્યો છે.

મલિકે સોગંદનામામાં લખ્યું છે કે, તેણે હાફિઝ સાથે વ્યક્તિગત મુલાકાત કરી ન હતી, પરંતુ ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી ગુપ્ત શાંતિ પ્રક્રિયાના ભાગરૂપે ભારતીય ગુપ્તચર એજન્સીઓના અધિકારીઓના કહેવા પર મુલાકાત કરી હતી. મલિકે એમ પણ કહ્યું છે કે, ૨૦૦૫માં કાશ્મીરમાં આવેલા ભૂકંપ બાદ, તેની પાકિસ્તાન યાત્રા પહેલા ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ના પૂર્વ વિશેષ નિર્દેશક વી.કે.જોશીએ દિલ્હીમાં તેની સાથે મુલાકાત કરી હતી. જોશીએ મલિકને વિનંતી કરી હતી કે, તે પાકિસ્તાની રાજકીય નેતૃત્વ અને હાફિઝ સઈદ જેવા આતંકવાદી નેતાઓ સાથે વાતચીત કરીને મનમોહન સિંહના શાંતિ પ્રયાસોને આગળ વધારે.

મલિકે દાવો કર્યો કે, તેને કહેવાયું હતું કે આતંકવાદી નેતાઓને ચર્ચામાં સામેલ કર્યા વગર પાકિસ્તાન સાથેની ચર્ચા સાર્થક થઈ શકે નહીં. આ વિનંતી બાદ મલિક પાકિસ્તાનમાં સઈદ અને યુનાઈટેડ જેહાદ કાઉન્સિલના અન્ય નેતાઓને મળવા સંમત થયો હતો. મલિકે કહ્યું કે, હાફિઝે એક સંમેલનનું યોજ્યું હતું, જેમાં તેણે ભાષણ કરીને આતંકવાદીઓને હિંસાને બદલે શાંતિ પર ભાર મૂકવા કહ્યું હતું. મલિકે કહ્યું કે, ત્યારબાદ તે પાકિસ્તાનથી ભારત પરત ફર્યો હતો અને પછી IB સાથેની ચર્ચા કર્યા બાદ જોશીએ વડાપ્રધાનને હફિઝ સાથેની મુલાકાતની માહિતી આપવા કહ્યું હતું. મલિકે સાંજે મનમોહન સિંહ અને પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર એન.કે.નારાયણ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં મલિકે મનમોહન સિંહને હાફિઝ સાથેની મુલાકાતો અને શાંતિની સંભાવનાઓ અંગે માહિતી આપી હતી, જે બદલ વડાપ્રધાને તેનો આભાર માન્યો હતો. મલિકે એવો પણ દાવો કર્યો છે કે, ૧૯૯૦માં તેની ધરપકડ થયા બાદ વી.પી.સિંહથી લઈને મનમોહન સિંહ સુધીની ૬ સરકારો તેના સંપર્કમાં રહી હતી અને તેને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય મંચ પર બોલવાની તક પણ આપી હતી. આ સોગંદનામા અંગે ભાજપે કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. ભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આશ્ચર્ય વ્યક્ત કરવાની સાથે સોગંદનામાની નકલ શેર કરી છે. માલવિયાએ લખ્યું છે કે, 'આતંકવાદીઓને ફંડ મોકલવા મામલે આજીવન જેલ ભોગવી રહેલા મલિકે ચોંકાવનારો દાવો કર્યો છે.'

આ ઉપરાંત ભાજપના મહાસચિવ તરુણ ચુગે આ મામલે કોંગ્રેસ પર નિશાન સાધી કહ્યું કે, આ સોગંદનામાથી સ્પષ્ટ થાય છે કે. નિર્દોષ લોકોનો હત્યારો યાકુબ મલિક અગાઉની કોંગ્રેસ સરકારના કહેવા પર ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓ સાથે વાતચીત કરી રહ્યો હતો. ચુગે આરોપ લગાવ્યો કે, ૨૦૦૪થી ૨૦૧૪ સુધી યુપીએ સરકારે આતંકવાદીઓ માટે રેડ કાર્પેટ બિછાવ્યું હતું. તેમણે રાહુલ ગાંધીને સવાલ કર્યો કે, જમ્મુ-કાશ્મીર અને દેશભરમાં થયેલી આતંકવાદી ઘટનાઓને લઈને તેમની પાર્ટી પડદા પાછળ શું રમત રમી રહી હતી.

### ગુજરાત સહિત અનેક રાજ્યોને લેશે લપેટમાં!

## સાવધાન! બંગાળની ખાડીમાં આવી શકે છે કે ભીષણ વાવાઝોડું

### મહારાષ્ટ્રથી લઈને મધ્ય ભારતના અનેક ભાગો અને પૂર્વ ભારતમાં વરસાદનો લાંબો દોર ફરીથી શરૂ થઈ શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ (IMD) એ કહ્યું કે આ વર્ષે મોનસૂનની વાપસી સમયસર થઈ શકશે નહીં કારણ કે બંગાળની ખાડી ઉપર એક નવી મૌસમી સિસ્ટમ બની રહી છે. IMD એ કહ્યું કે તેના કારણે એક નવું તોફાન આવી શકે છે અને મહારાષ્ટ્રથી લઈને મધ્ય ભારતના અનેક ભાગો અને પૂર્વ ભારતમાં વરસાદનો લાંબો દોર ફરીથી શરૂ થઈ શકે છે. આ કારણે દક્ષિણ પશ્ચિમ મોનસૂનની વાપસીમાં પણ વિલંબ થઈ શકે છે. સામાન્ય રીતે ૧૫ સપ્ટેમ્બરથી દક્ષિણ પશ્ચિમ મોનસૂન વાપસી કરવા લાગે છે. IMD એ એમ પણ કહ્યું કે આ મૌસમી સિસ્ટમના કારણે આગામી અઠવાડિયે અનેક રાજ્યોમાં વરસાદનો દોર ફરીથી શરૂ થઈ શકે છે. જેના કારણે દશેરા અને નવરાત્રીનો ઉમંગ ફિક્કો પડી શકે છે. IMD એ પશ્ચિમ બંગાળના અનેક ભાગોમાં આગામી અઠવાડિયે ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગે ગુરુવારે બહાર પાડેલી નવી આગાહીમાં ૨૫ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર વચ્ચે એકવાર ફરીથી વરસાદનો દોર ચાલુ રાખવાના સંકેત આપ્યો છે. IMDએ કહ્યું કે નવી મૌસમી સિસ્ટમના કારણે મધ્ય ભારત અને એટલે સુધી કે ઉત્તર પશ્ચિમ ભારતના મોટા હિસ્સામાં સામાન્યથી વધુ વરસાદ પડી શકે છે. IMDના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આગામી અઠવાડિયે મધ્ય અને ઉત્તરી પ્રાયદ્વીપીય ભારત ખાસ કરીને ઓડિશા, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, પૂર્વી રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રના મોટાભાગના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે.

## અમદાવાદ પ્લેન ક્રેશ બાદ ૯૧ વર્ષીય પિતાનું દર્દ છલકાયું!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ગુજરાતના અમદાવાદમાં થયેલા દેશના સૌથી મોટા વિમાન દુર્ઘટનાના તપાસ અહેવાલ પર વિવાદ ઉભો થયો છે. AI 171ના મુખ્ય પાઈલટ કેપ્ટન સુમિત સભરવાલના પિતાએ નવેસરથી તપાસની માંગ કરી છે. તેમણે કહ્યું કે, લીક થવાની ઘટનાને કારણે તેમના પુત્રની છબી ખરાબ થઈ છે. ૧૨ જૂને ગુજરાતના અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાથી સમગ્ર દેશને આઘાત લાગ્યો હતો. હવે, આ અકસ્માતની તપાસ અંગે એક નવો વિવાદ ઉભો થયો છે. ફ્લાઈટના પાઈલટ કેપ્ટન સુમિત સભરવાલના ૯૧ વર્ષીય પિતા પુષ્કરાજ સભરવાલે કેન્દ્ર સરકાર પાસેથી ઔપચારિક અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. તેમનું કહેવું છે કે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના પ્રારંભિક અહેવાલમાં તથ્યો સાથે છેડછાડ કરવામાં આવ્યા છે. પિતાએ કહ્યું છે કે, ૨૬૦ લોકોના મોત થયેલા વિમાન દુર્ઘટનાના અહેવાલની મહત્વની માહિતી લીક થવાથી તેમના પુત્રની છબી ખરાબ થઈ છે.

### અમેરિકા સાથે ચાલી રહેલી વેપાર મંત્રણા વચ્ચે યુએસ પ્રમુખનું સૂચક નિવેદન

## ભારત અને વડાપ્રધાન મોદી સાથે ખૂબ નજીકના સંબંધ છે : ડોનાલ્ડ ટ્રમ્પ

### બ્રિટનની મુલાકાતે ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે યુકે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેના ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં

। મલંડન, તા.૧૯ ।



બ્રિટનની મુલાકાતે ગયેલા અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથેના સંબંધોની ફરી પુષ્ટી આપતાં જણાવ્યું હતુ કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખૂબ જ નજીક છે. ભારત અને અમેરિકા વચ્ચે વેપાર મંત્રણા ફરી ચાલુ થઈ છે ત્યારે ટ્રમ્પના આ નિવેદનનું વિશેષ મહત્ત્વ છે. તેઓ બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મર સાથે દ્વિપક્ષીય બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરી રહ્યાં હતાં.યુએસ પ્રેસિડન્ટે પીએમ મોદીને તેમના જન્મદિવસની પૂર્વસંધ્યાએ કરેલા ફોનનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું હતું તેમણે ભારતીય વડાપ્રધાન સાથે વાતચીત કરી હતી અને તેમના જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.ટ્રમ્પે જણાવ્યું હતું કે જ્યારે મને ખબર પડી કે યુરોપિયન દેશો રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યાં છે, અને જેમ તમે જાણો છો, હું ભારતની ખૂબ નજીક છું. હું ભારતના વડાપ્રધાનની ખૂબ નજીક છું, ત્યારે મેં બીજા દિવસે તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવવા માટે તેમની સાથે વાતચીત કરી હતી. અમારા સંબંધો ખૂબ સારા છે અને તેમણે એક સારું નિવેદન પણ આપ્યું હતું.એલ્સબરીઃ બ્રિટનની મુલાકાતે ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે યુકે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેના ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં. બ્રિટને શાહી શોભાયાત્રાથી ટ્રમ્પને પ્રભાવિત કરવા માટે શક્ય તમામ પ્રયાસો કર્યા હતાં, કારણ કે હવે અમેરિકા સાથે મહત્ત્વની વેપાર અને બિઝનેસ ડીલ થવાની છે. ટ્રમ્પ અને બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે સોદા પર હસ્તાક્ષરની સાથે બિઝનેસ નેતાઓ સાથે ગોળમેજી બેઠક યોજી હતી.

## ભારતમાં ૮ લાખથી વધુ છે કરોડપતિ પરિવાર, મહારાષ્ટ્ર સૌથી આગળ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દેશમાં કરોડપતિ પરિવારોની સંખ્યા સતત ઝડપથી વધી રહી છે. મર્સિડીઝ-બેન્ઝ હુરુન ઈન્ડિયા વેલ્થ રિપોર્ટ અનુસાર, ૨૦૨૧માં દેશમાં કરોડપતિ પરિવારોની સંખ્યા ૪.૫૮ લાખ હતી, જ્યારે હવે વધીને ૮.૭૧ લાખ થઈ ગઈ છે. હુરુન ઈન્ડિયા રિપોર્ટ ૨૦૨૫ અનુસાર, ભારતમાં કુલ સંપત્તિ ૮.૫ કરોડ રૂપિયા અથવા તેનાથી વધુની નેટવર્થ ધરાવતા પરિવારોની સંખ્યા હવે ૮૭૧,૭૦૦ છે. જો કે, હજુ પણ ભારતમાં કરોડપતિઓની સંખ્યા ચીન કે અમેરિકા જેવા દેશો કરતા ઓછી છે, પરંતુ અહીંની વધતી સંખ્યા ભારતના વિકાસની મોટી કહાની કહે છે. દેશના ૭૯% કરોડપતિઓ ટોપ ૧૦ રાજ્યોમાં રહે છે. આ વૃદ્ધિ ટેકનોલોજી, ફાઈનાન્સ અને ઉદ્યોગમાં વૃદ્ધિની સાથે-સાથે મજબૂત બજારોના કારણે થઈ છે. રિપોર્ટમાં અંદાજ લગાવવામાં આવ્યો છે કે, આગામી ૧૦ વર્ષમાં ભારતમાં કરોડપતિ પરિવારોની સંખ્યા ૧૭ લાખથી ૨૦ લાખની વચ્ચે પહોંચી શકે છે. આ રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ભારતમાં કરોડપતિ પરિવારોની ટકાવારી વધીને હવે આખા ભારતના પરિવારોના ૦.૩૧% થઈ ગઈ છે, જે ૨૦૨૧માં માત્ર ૦.૧૭% હતી. રિપોર્ટ અનુસાર, કરોડપતિ પરિવારોના મામલામાં મહારાષ્ટ્ર સૌથી આગળ છે. અહીંના ૧.૭૮ લાખથી વધુ પરિવારોની સંપત્તિ ઓછામાં ઓછી ૮.૫ કરોડ રૂપિયા છે. ત્યારબાદ દિલ્હી બીજા નંબર પર આવે છે, જ્યાં ૭૯,૮૦૦ કરોડપતિ પરિવારો છે. તમિલનાડુ પણ પાછળ નથી, અહીં ૭૨,૬૦૦ કરોડપતિ પરિવારો રહે છે. શહેરોની વાત કરવામાં આવે તો મુંબઈમાં ૧.૪૨ લાખ કરોડપતિ પરિવારો રહે છે. રિપોર્ટ અનુસાર, બેંગલુરુમાં પણ કરોડપતિઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. કર્ણાટકની રાજધાનીમાં લગભગ ૩૧,૬૦૦ કરોડપતિ પરિવારો છે. આ ઉપરાંત અમદાવાદ, પુણે, હૈદરાબાદ, દિલ્હી અને ગુરુગ્રામ જેવા શહેરો પણ ઝડપથી ઉભરતા આર્થિક કેન્દ્ર બની રહ્યા છે, જ્યાં કરોડપતિઓની સંખ્યા દરરોજ વધી રહી છે. ૨૦૨૫ના સર્વેમાં એ પણ ખુલાસો થયો છે કે, અમીર ભારતીયો રૂપિયા અને ખર્ચને કેવી રીતે જુએ છે. નાણાકીય સ્વતંત્રતા માટે ૨૭% લોકોએ ૫૦ કરોડ રૂપિયા પૂરતા ગણાવ્યા, ૨૫% લોકોએ ૧૦ કરોડ રૂપિયા પસંદ કર્યા છે અને ૨૦% લોકોએ ૨૦૦ કરોડ રૂપિયા જણાવ્યા છે. આમાંથી લગભગ ૬૦% પરિવારો વાર્ષિક ૧ કરોડથી ઓછો ખર્ચ કરે છે, જેમાંથી મોટાભાગનો ખર્ચ મુસાફરી, શિક્ષણ અને મનોરંજન પાછળ થાય છે.

### સિંગાપુરમાં સ્કૂબા ડાઈવિંગ કરતા હતા ત્યારે દુર્ઘટના

## બોલિવૂડના પ્રખ્યાત સિંગર ઝુબિન ગર્ગનું ૫૨ વર્ષની વયે દુઃખદ નિધન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

બોલિવૂડના પ્રખ્યાત સિંગર ઝુબિન ગર્ગનું ૫૨ વર્ષની વયે દુઃખદ નિધન થયું છે. તેઓ સિંગાપુરમાં હતા અને ત્યાં તેઓ સ્કૂબા ડ્રાઈવિંગ કરી રહ્યા હતા તે સમયે આ અકસ્માત થયો અને તેઓ કાયમ માટે આ દુનિયાને અલવિદા કહીને જતા રહ્યા છે. ઝુબિન ગર્ગે બોલિવૂડમાં ઘણા ગીતો ગાયા હતા. જેમાં ગેંગસ્ટર ફિલ્મનું ગીત યા અલી તેમના પ્રખ્યાત ગીતો પૈકીનું એક ગીત છે. તેમના નિધનને લઈને આજે બોલિવૂડને મોટી ખોટ પડી છે તેવું કહી શકાય. અસમના કેબિનેટ મંત્રી અશોક સિંઘલ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેમના નિધનની પુષ્ટિ કરવામાં આવી છે. તેમણે કહ્યું અમારા પ્રિય ઝુબિન ગર્ગનું સમય પહેલા નિધન થવા પર ઘણું દુઃખ થયું છે. અસમે ના માત્ર તેમનો અવાજ નથી ગુમાવ્યો તેઓ અમારા ધબકારા હતા. ઝુબિન માત્ર એક ગાયક ન હતા પરંતુ તેઓ દેશનું ગૌરવ હતા. તેમના ગીતોએ આપણી સંસ્કૃતિને દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડી. તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના છે. ઈશ્વર તેમની આત્માને શાંતિ આપે અને તેમની વિરાસત હંમેશા પ્રેરણા આપતી રહે. ઓમ શાંતિ. મીડિયા રિપોર્ટ અનુસાર ઝુબિન ગર્ગ જ્યારે સ્કૂબા ડાઈવિંગ કરી રહ્યા હતા.



## વડોદરામાં રહેણાંક મકાનમાં એસઓજીની રેડ પડી

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરાના લક્ષ્મીપુરા રોડ ઉપર આવેલા અમૃત નગરના રહેણાંક મકાનમાં એસ.ઓ.જીએ રેડ કરીને બે કિલો ઉપરાંતનો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જ્યારે છુપી રીતે ગાંજાનું વેચાણ કરનાર કેરિયરની ધરપકડ કરી સપ્લાયરને વોન્ટેડ જાહેર કર્યો છે. વડોદરા શહેરના લક્ષ્મીપુરા રોડ પર આવેલા અમૃત નગરમાં રહેતો આકાશ પરસોત્તમભાઈ બુંદેલા તેના મકાનમાં ગાંજાનો ગેરકાયદે સંગ્રહ કરીને છૂટકમાં વેચાણ કરે છે. તેવી બાતમી એસઓજી પોલીસને બાતમી મળી હતી. જે આધારે ૧૭ સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે રેડ કરી હતી. ત્યારે તેના ઘરમાંથી ૨ કિલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસની ગાડીઓ જોઈને સ્થાનિક લોકોમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો. એસઓજી પોલીસે ગાંજાનો જથ્થો અને એક મોબાઈલ મળી રૂપિયા રૂ.૨૧ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. કેરિયર આકાશ બુંદેલા રાજસ્થાનના સરવનલાલ મીણા સાથે ટેલિફોનીક વાત કરીને ગાંજો ખરીદ્યો હતો. તેના રૂપિયા પણ ઓનલાઈન ચૂકવ્યા હતા. ત્યારે આકાશ બુધેલાને સરવનલાલ મીણા ટ્રેનમાં ગાંજાની હેરાફેરી કરીને ડિલિવરી આપવા માટે આવ્યો હતો.

## ધો.૧૦ના વિદ્યાર્થીને સાથે ભણતા વિદ્યાર્થીએ માથામાં કડુ મારી લોહીલુહાણ કરી નાંખ્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરા શહેરના ન્યૂ વીઆઈપી રોડ પર ખોડિયાર નગર પાસે આવેલી રઘુકુળ વિદ્યાલયમાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને માથામાં કડું મારીને લોહી લુહાણ કરી નાંખ્યો હોવાની ઘટના બની છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીએ કહ્યું હતું કે, હું ધો.૧૦માં અભ્યાસ કરુ છું. આજે કલાસમાં મારી સાથે ભણતો અન્ય વિદ્યાર્થી મોબાઈલનો ઉપયોગ કરી રહ્યો હતો. આ અંગે મેં શિક્ષકને જાણ કરી હતી. જેના કારણે આ વિદ્યાર્થી અને તેનો મિત્ર ઉશ્કેરાયો હતો. તેમણે મને ક્લાસની બહાર નીકળીને જોઈ લેવાની ધમકી આપી હતી. હું જયારે ક્લાસની બહાર નીકળ્યો ત્યારે આ વિદ્યાર્થીએ મારા પર હુમલો કર્યો હતો અને મને હાથમાં પહેરેલું કડું માથામાં મારી દીધું હતું. જેના કારણે હું લોહીલુહાણ થઈ ગયો હતો અને બીજા વિદ્યાર્થીઓ મને ડોકટર પાસે લઈ ગયા હતા. દરમિયાન મારામારીના પગલે સ્કૂલમાં દોડધામ મચી ગઈ હતી.

# પિતાને મરવા મજબૂર કરનાર બે ભેજાબાજોને પોલીસે ઝડપ્યા

। સુરત, તા.૧૯ ।

છોકરાને SMCમાં નોકરી અપાવવાના બહાને ૨૨ લાખ રૂપિયાની લેતી-દેતી બાબતે એક પિતાને મરવા મજબૂર કરનાર બે ભેજાબાજોને મહિધરપુરા પોલીસે હાલ પકડી પાડ્યા છે. આ બનાવમાં એક બાપે પોતાના દીકરાનું ભવિષ્ય બનાવવા માટે દાગીના વેચીને પરિમલ જરીવાલા અને અશોક રાણા નામના બે ઈસમોને ૧૮ લાખ રૂપિયા આપ્યા હતા, છતાં યુવકને નોકરી ન મળતા પિતાએ પોતાના પૈસા પરત માંગ્યા ત્યારે આરોપીઓ તેને ત્રાસ આપતા હતા, જેથી આ પિતાએ જીવન ટૂંકાવ્યું હતું. હાલ આ બંને આરોપીઓ પોલીસના સકંજામાં આવ્યા છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો, સુરતના મહિધરપુરા વિસ્તારમાં એક ભોળા બાપને સુરતના બહેરામપુરા વિસ્તારમાં પરિમલ જરીવાલા (ઉંમર ૫૦) અને અશોક રાણા (ઉંમર ૪૮)એ દીકરાને જીસ્ઝમાં નોકરી અપાવવાની લાલચ આપી ૨૨ લાખ માંગ્યા હતા, જે માટે પિતાએ ૧૮ લાખના સોનાના દાગીના વેચીને કુલ ૨૨ લાખ રૂપિયા આપી દીધા હતા. જે બાદ આ બંને આરોપીઓએ અન્ય એક અજાણ્યા શખ્સને આપ્યા હતા, જોકે દીકરાને નોકરી ન મળતા પિતાએ પોતાના પૈસા પરત માંગ્યા હતા. ત્યારે પરિમલ અને અશોક પૈસા આપવાની ના પાડી ત્રાસ આપતા હતા. આવી રીતે આરોપીઓ અવારનવાર ધમકીઓ આપીને ગાળાગાળી કરીને બાપ-દીકરાને ત્રાસ આપતા હતા, દરમિયાન ગત ૩૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ પરિમલ જરીવાલા આ બાપ-દીકરાના ઘરે આવી પહોંચ્યો હતો અને પરિવાર સાથે અશિષ્ટ વર્તન કર્યુ હતું. જેથી સતત માનસિક ત્રાસને કારણે પિતાએ ઝેરી દવા પીને મોતને વહાલું કર્યુ હતું. જે બાદ મૃતક બાપના દીકરાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સુરત શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌત, ખાસ પોલીસ કમિશ્નર વાબાંગ જામીર, નાયબ પોલીસ કમિશ્નર રાઘવ જૈન તથા મદદનીશ પોલીસ કમિશ્નર આર. આર. આહિરના માર્ગદર્શન હેઠળ મહિધરપુરા સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટર એન.એચ. બ્રહ્મભટ્ટ તથા સેકન્ડ ઈન્સ્પેક્ટર યુ.જે. જોષીના સૂચનાથી સર્વેલન્સ ટીમે આ કાર્યવાહી હાથ ધરી હતી. જે દરમિયાન આરોપી પરિમલ ઉર્ફે પરેશ ઉર્ફે જાડીયો જશવંતલાલ જરીવાલા અને અશોક ઉર્ફે અશોક ડોકુ ચંપકલાલ રાણાની ધરપકડ કરી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સુરત શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌત, ખાસ પોલીસ કમિશ્નર વાબાંગ જામીર, નાયબ પોલીસ કમિશ્નર રાઘવ જૈન તથા મદદનીશ પોલીસ કમિશ્નર આર.આર. આહિરના માર્ગદર્શન હેઠળ મહિધરપુરા સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટર એન.એચ. બ્રહ્મભટ્ટ તથા સેકન્ડ ઈન્સ્પેક્ટર યુ.જે. જોષીના સૂચનાથી સર્વેલન્સ ટીમે આ કાર્યવાહી હાથ ધરી હતી. જે દરમિયાન આરોપી પરિમલ ઉર્ફે પરેશ ઉર્ફે જાડીયો જશવંતલાલ જરીવાલા અને અશોક ઉર્ફે અશોક ડોકુ ચંપકલાલ રાણાની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપીઓની પૂછપરછમાં તેમનો ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે. જેમાં પરેશ જાડીયો સામે અગાઉ પણ IPC તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. જ્યારે અશોક ડોકુ સામે અઠવાલાઈન્સ, મહિધરપુરા, સચીન, લાલગેટ અને DCB સહિત અનેક પોલીસ સ્ટેશનોમાં પ્રોહિબિશન એક્ટ, IPC અને અન્ય કલમો હેઠળ ૨૦થી વધુ ગુના નોંધાયેલા છે. હાલ આ મામલે પોલીસે ટેકનિકલ એનાલિસિસ અને માનવીય સૂત્રોના આધારે બંને આરોપીઓને ઝડપીને તેમના વિરુદ્ધ આત્મહત્યાના દુષ્પ્રેરણ સહિતની ગંભીર કલમો હેઠળ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. તેવી માહિતી સુરત શહેર પોલીસ ઝોન ૩ના ડીસીપી રાઘવેન્દ્ર જૈને આપી છે.

# છોટાઉદેપુરમાં શિક્ષકોનો પાલિકા અને આચાર્ય પર લાંચ માગવાનો આરોપ

### ફૂલ અને ફૂલની પાંખડી જેવા સાંકેતિક નામો હેઠળ જુલાઈ ૨૦૨૫થી આ લાંચની માંગણી કરવામાં આવી રહી છે

। (પ્રતિનિધી) છોટા ઉદેપુર, તા.૧૯ ।

છોટા ઉદેપુર જિલ્લામાંથી શિક્ષણ જગતને શર્મસાર કરતો એક કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એસ. એફ. હાઈસ્કૂલમાં નવા નિમાયેલા શિક્ષકોએ શાળાના આચાર્ય અને છોટા ઉદેપુર નગરપાલિકાના હોદ્દેદારો વિરુદ્ધ લાખો રૂપિયાની લાંચ માંગવામાં આવતી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફૂલ અને ફૂલની પાંખડી જેવા સાંકેતિક નામો હેઠળ જુલાઈ ૨૦૨૫થી આ લાંચની માંગણી કરવામાં આવી રહી હોવાનો આરોપ છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ, પીડિત શિક્ષકોને નગરપાલિકા પ્રમુખની ઓફિસમાં એક મીટિંગ માટે બોલાવવામાં આવ્યા હતા. અહીં તેમના મોબાઈલ ફોન જપ્ત કરી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, સભ્યો અને અન્ય પદાધિકારીઓની હાજરીમાં શિક્ષકોને અપમાનિત કરી ગંભીર ધમકીઓ આપવામાં આવી હતી. શિક્ષકોને કહેવામાં આવ્યું હતું કે તેમની નિમણૂક અમાન્ય છે અને તેમના પગાર પાછા ખેંચી લેવામાં આવશે.

આ મીટિંગમાં સ્પષ્ટપણે ધમકી આપવામાં આવી હતી કે જે શિક્ષકો લાંચની રકમ ચૂકવશે, તેમને નોકરીમાં રજાઓ અને અન્ય સુવિધાઓનો લાભ મળશે. જ્યારે લાંચ ન આપનારા શિક્ષકોને ખોટા કેસોમાં ફસાવીને સસ્પેન્ડ કરી દેવામાં આવશે. ફરિયાદમાં ડૉ. હાર્દિક ધામેલિયા નામના શિક્ષકને જાહેરમાં ધમકી આપ્યાનો પણ ઉલ્લેખ છે. તેમને કહેવામાં આવ્યું કે, છોકરીઓ દ્વારા ખોટા આક્ષેપો કરાવીને તમને જેલમાં પુરાવી દઈશું. પીડિત શિક્ષકોનું કહેવું છે કે તેઓ TAT-1 અને TAT-2 જેવી કઠિન પરીક્ષાઓ પાસ કરીને કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા હેઠળ સંપૂર્ણપણે કાયદેસર રીતે નિમણૂક પામ્યા છે. સરકાર દ્વારા અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવા છતાં, શાળા અને નગરપાલિકાના અધિકારીઓ દ્વારા લાખો રૂપિયાની લાંચ માટે દબાણ કરવું એ ભ્રષ્ટાચારની ચરમસીમા છે. આ સમગ્ર મામલે શિક્ષકોએ પોલીસ સમક્ષ તાત્કાલિક રક્ષણ પૂરું પાડવાની માંગ કરી છે. આ ઉપરાંત, શાળાના આચાર્ય હિતેશભાઈ ચૌહાણ, નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ અને સંડોવાયેલા તમામ સભ્યો વિરુદ્ધ ભ્રષ્ટાચાર, ધમકી અને શિસ્તભંગના આરોપો હેઠળ કડક તપાસ કરવામાં આવે તેવી પણ માંગણી કરી છે. શિક્ષકોએ એવી પણ રજૂઆત કરી છે કે ભવિષ્યમાં તેમના પર કોઈપણ પ્રકારનો શારીરિક કે માનસિક હુમલો થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉપરોક્ત અધિકારીઓની રહેશે.

શિક્ષકોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, અમે ઈમાનદારીપૂર્વક અમારી ફરજ બજાવી રહ્યા છીએ. લાંચખોરી અને દબાણની આ પ્રવૃત્તિઓ સામે અમે ચૂપ બેસીશું નહીં. જો સરકાર અને કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે, તો અમે આ સમગ્ર કૌભાંડને જાહેરમાં ઉજાગર કરવા માટે પણ તૈયાર છીએ. આ ઘટનાએ છોટા ઉદેપુરના શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચાવી દીધી છે. શિક્ષકોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, અમે ઈમાનદારીપૂર્વક અમારી ફરજ બજાવી રહ્યા છીએ. લાંચખોરી અને દબાણની આ પ્રવૃત્તિઓ સામે અમે ચૂપ બેસીશું નહીં. જો સરકાર અને કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે, તો અમે આ સમગ્ર કૌભાંડને જાહેરમાં ઉજાગર કરવા માટે પણ તૈયાર છીએ. આ ઘટનાએ છોટા ઉદેપુરના શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચાવી દીધી છે.

### દીપડાને પકડવા વન વિભાગને રજૂઆત કરાઇ

# સાવરકુંડલાના બગોયા ગામમાં ધોળા દિવસે દીપડાનો હુમલો

। (એજન્સી) અમરેલી, તા.૧૯ ।

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના બગોયા ગામમાં ધોળા દિવસે દીપડાના હુમલાથી ભયનો માહોલ ફેલાયો છે. ઘરની બહાર બળદ ગાડું જોડી રહેલા યુવક પર દીપડાએ અચાનક હુમલો કર્યો હતો, જેના કારણે યુવકને ઈજા પહોંચી છે. ઘરની બહાર બળદ ગાડું જોડી રહેલા યુવક પર દીપડાએ અચાનક હુમલો કર્યો હતો, જેના કારણે યુવકને ઈજા પહોંચી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બગોયા ગામના સલીમ ઝાંખરા નામના યુવક પોતાના ઘરની બહાર બળદ ગાડું જોડી રહ્યા હતા, ત્યારે અચાનક ત્રાટકેલા દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો. આ હુમલામાં સલીમને ખભા અને શરીરના અન્ય ભાગો પર સામાન્ય ઈજાઓ થઈ છે. હુમલા બાદ તાત્કાલિક તેમને સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, બગોયા ગામના સલીમ ઝાંખરા નામના યુવક પોતાના ઘરની બહાર બળદ ગાડું જોડી રહ્યા હતા, ત્યારે અચાનક ત્રાટકેલા દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો. આ હુમલામાં સલીમને ખભા અને શરીરના અન્ય ભાગો પર સામાન્ય ઈજાઓ થઈ છે. હુમલા બાદ તાત્કાલિક તેમને સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ગામમાં અને આસપાસના વિસ્તારોમાં વન્ય પ્રાણીઓના હુમલાનો ભય ફેલાયો છે. લોકોએ વન વિભાગને આ દીપડાને પકડવા અને સુરક્ષાના પગલાં લેવા માટે રજૂઆત કરી છે, જેથી ભવિષ્યમાં આવા બનાવો અટકાવી શકાય.

# ખેડાના ડાકોર રેલવે કોલોનીમાં શ્રમિક પટકાયો, શ્રમિકને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો

### આ ઘટના કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીને ઉજાગર કરે છે, કારણ કે મજુરોને કોઈપણ પ્રકારના સેફ્ટી સાધનો વિના જીવન જોખમે કામ કરાવવામાં આવી રહ્યું હતું

। ખેડા, તા.૧૯ ।



ખેડા જિલ્લાના પ્રખ્યાત યાત્રાધામ ડાકોરમાં આવેલી રેલવે કોલોનીમાં ચાલી રહેલા કન્ટ્રાક્શન કામની વચ્ચે એક દુર્ઘટના બની છે, જેમાં મજુર અક્ષય મહિડા ગંભીર રીતે ઘાયલ થયા છે.આ ઘટના કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીને ઉજાગર કરે છે,કારણ કે મજુરોને કોઈપણ પ્રકારના સેફ્ટી સાધનો વિના જીવન જોખમે કામ કરાવવામાં આવી રહ્યું હતું. આ મામલે સ્થાનિક વસ્તી અને શ્રમિક સંગઠનોમાં રોષ ફેલાયો છે અને તપાસની માંગ કરવામાં આવી છે.ઘટનાની વિગતોડાકોર રેલવે સ્ટેશનની નજીક આવેલી રેલવે કોલોનીમાં બાંધકામ કામચલાઉ ચાલી રહ્યું છે જેમાં બીજા માળનું કામ પણ સામેલ છે.આજે ૨૮વર્ષીય મજુર અક્ષય મહિડા બીજા માળની પાલખ પર પ્લાસ્ટર કરતા હતા. અચાનક તેમનું સંતુલન બગડતાં તેઓ નીચે પડી પડ્યા, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ થઈ છે. ઘટનાસ્થળ પર તણાવનો માહોલ સર્જાયો હતો, અને સાથી કામદારોએ તાત્કાલિક ટીંગાટોળી કરીને અક્ષયને કામગીરી સ્થળથી બહાર લાવ્યા હતા.સ્થાનિક વસ્તી અને સાક્ષીઓ અનુસાર, કન્ટ્રાક્ટરે કોઈપણ પ્રકારના સેફ્ટી પ્રોટોકોલનું પાલન કર્યું નહીં. અક્ષયને હેલ્મેટ, હેન્ડ ગ્લવ્ઝ, સેફ્ટી રોપ કે હાર્નેસ જેવા મૌલિક સેફ્ટી સાધનો પણ આપવામાં આવ્યા ન હતા. આ ઉપરાંત, પાલખ પણ નબળી રીતે તૈયાર કરવામાં આવી હતી, જે જોખમને વધારી દીધું હતું. આવી બેદરકારીને કારણે શ્રમિકોના જીવનને જોખમમાં મુકવામાં આવે છે, અને આ મામલો બાંધકામ ક્ષેત્રમાં સેફ્ટીના અભાવને દર્શાવે છે.

## નારાયણ સાંઈને બીમાર માતાને મળવા માટે મળ્યા ૫ દિવસના હંગામી જામીન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

દુષ્કર્મ કેસમાં સજા ભોગવી રહેલા નારાયણ સાંઈને ગુજરાત હાઈકોર્ટમાંથી ૫ દિવસના હંગામી જામીન મળ્યા છે. પોતાની ૮૨ વર્ષીય બીમાર માતાની સારવાર માટે ૪૫ દિવસના હંગામી જામીન માગ્યા હતા. નારાયણ સાંઈ હાલ સુરતની લાજપોર જેલમાં બંધ છે. હંગામી જામીન અરજી પર સુનાવણી થયા બાદ હાઈકોર્ટે ૫ દિવસના શરતો સાથે હંગામી જામીન મંજૂર કર્યા છે. જામીન દરમિયાન નારાયણ સાંઈ પોલીસ જાપ્તા સાથે અમદાવાદમાં તેના માતાના ઘરે જ રોકાઈ શકશે. પરંતુ તે પોતાના અનુયાયીઓને મળી શકશે નહીં. નારાયણ સાંઈ હાલ સુરતની લાજપોર જેલમાં બંધ છે. હંગામી જામીન અરજી પર સુનાવણી થયા બાદ હાઈકોર્ટે ૫ દિવસના શરતો સાથે હંગામી જામીન મંજૂર કર્યા છે. જામીન દરમિયાન નારાયણ સાંઈ પોલીસ જાપ્તા સાથે અમદાવાદમાં તેના માતાના ઘરે જ રોકાઈ શકશે. પરંતુ તે પોતાના અનુયાયીઓને મળી શકશે નહીં.

# કોતરમાં ડૂબી જવાથી આધેડનું કરુણ મોત થયું

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વાઘોડિયા તાલુકાના રાજપુરા ગામની સીમમાં એક અત્યંત દુ:ખદ ઘટના બની છે. ગામની પોણીયા કોતરમાં ડૂબી જવાથી બળવતસિંહ નરવતસિંહ ચૌહાણ નામના ૫૦ વર્ષીય આધેડનું કરુણ મોત થયું છે. આ ઘટનાએ સમગ્ર ગામમાં શોક અને ગમગીનીનો માહોલ ફેલાવી દીધો છે. આ બળવતસિંહ ચૌહાણ પોતાના રોજિંદા ક્રમ મુજબ પોતાના પશુઓને પાણી પીવડાવવા માટે રાજપુરા ગામની સીમમાં આવેલી પોણીયા કોતર પાસે ગયા હતા.

બળવતસિંહ જ્યારે પશુઓને પાણી પીવડાવી રહ્યા હતા તે દરમિયાન અચાનક તેમનો પગ લપસી ગયો હતો. પગ લપસી જવાથી તેઓ કોતરના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઊંડા પાણીમાં ડૂબી જવાથી તેમનું ઘટનાસ્થળે જ અવસાન થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. ગામલોકોએ તાત્કાલિક જરોદ પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ જરોદ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને બહાર કાઢીને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે આ ઘટના અંગે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ ફરી એકવાર ચોમાસાની ઋતુમાં કોતર, નદી અને તળાવોની આસપાસ સાવચેતી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. બળવતસિંહના આ અકાળ અવસાનથી તેમના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. તેમના નિધનથી રાજપુરા ગામમાં શોકનો માહોલ ફેલાઈ ગયો છે.

# વડોદરામાં બાળગરબા બંધ કરવાનો નિર્ણય લેવાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરાના નવા યાર્ડ વિસ્તારમાં અસામાજિક તત્ત્વોને કારણે આ વર્ષે સોસાયટીના રહીશોએ ગરબા નહીં કરવાનો નિર્ણય લેતા ઉત્સવ પ્રિય વડોદરા નગરી માટે શરમજનક કહી શકાય તેવી ઘટના બનવા જઈ રહી છે. વડોદરાના નવા યાર્ડ વિસ્તારમાં આવેલા રામેશ્વર યુવક મંડળ દ્વારા પાંચ વર્ષથી રામેશ્વર વિસ્તારના કોમન પ્લોટમાં બાળકો માટે ગરબાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૧૫૦ થી ૨૦૦ જેટલા બાળકો માતાઓ અને બહેનો ગરબે ઘૂમી માતાજીની આરાધના કરતા હોય છે.પરંતુ આ વખતે સ્થાનિક રહીશોએ ગરબા નહીં કરવાનો નિર્ણય લીધો છે. જેનું મુખ્ય કારણ ચોરીના બનાવો તેમજ પાછળ આવેલા નવા યાર્ડ રેલવે વિસ્તારના નશાખોર અને ગંજેડી તત્ત્વોને ગણાવવામાં આવ્યા છે. ગરબાના આયોજક વિજયભાઈ જાદવનું કહેવું છે કે, જ્યાં ગરબાનું આયોજન થાય છે તેની પાછળ જ દારૂ,ચરસ,ગાંજા જેવી પ્રવૃત્તિઓ ચાલે છે. પોલીસ અમને સહકાર આપે છે તેમાં ના નથી. પરંતુ આવા તત્ત્વો ને કારણે કોઈ બનાવ બની જાય તો તેના માટે જવાબદાર કોણ. તેમણે એમ પણ કહ્યું હતું કે, બીજા વિસ્તારમાં સીસીટીવી કેમેરા નાખવામાં આવ્યા છે. પરંતુ અમારા વિસ્તારમાં હજી કેમેરા નાખવામાં આવ્યા નથી. જેને કારણે ગરબા યોજવાનું જોખમ લેવું ઉચિત જણાતું નથી અને આવતા વર્ષે જો સુરક્ષા જળવાશે તો અમે ફરીથી ચોક્કસ ગરબા શરૂ કરીશું. તેમણે એમ પણ કહ્યું હતું કે, બીજા વિસ્તારમાં સીસીટીવી કેમેરા નાખવામાં આવ્યા છે. પરંતુ અમારા વિસ્તારમાં હજી કેમેરા નાખવામાં આવ્યા નથી. જેને કારણે ગરબા યોજવાનું જોખમ લેવું ઉચિત જણાતું નથી અને આવતા વર્ષે જો સુરક્ષા જળવાશે તો અમે ફરીથી ચોક્કસ ગરબા શરૂ કરીશું.

## વિશેષ

### "સ્વચ્છતા એ જ સેવા" અભિયાનમાં અમદાવાદ મંડળ ભજવી રહ્યું છે મહત્વની ભૂમિકા

# સાબરમતીથી ધ્રાંગધ્રા વચ્ચે બીજી સ્વચ્છતા સ્પેશિયલ ટ્રેન ચલાવીને આપ્યો સ્વચ્છતા સંદેશ

। (માહિતી) વાપી ।

"સ્વચ્છતા એ જ સેવા" (SHS) ૨૦૨૫ સમગ્ર દેશમાં ૧૭ સપ્ટેમ્બરથી આરંભ થયો, જે ૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ ગાંધી જયંતીના અવસર પર સમાપ્ત થશે. આ વર્ષના અભિયાનની થીમ "સ્વચ્છોત્સવ" રાખવામાં આવી છે. આ અભિયાનમાં કામના સ્થળો, નિવાસી ક્ષેત્રો અને સાર્વજનિક સ્થળોની સફાઈ, સફાઈ મિત્રોના સ્વાસ્થ્ય અને સુરક્ષા, પર્યાવરણ મિત્ર અને શૂન્ય કચરો કાર્યક્રમ અને સ્વચ્છતા પ્રત્યે વ્યાપક જન જાગૃતિ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અમદાવાદ મંડળ દ્વારા ૧૮.૦૯.૨૦૨૫ ના રોજ "સ્વચ્છતા એ જ સેવા" અભિયાન હેઠળ સાબરમતીથી ધ્રાંગધ્રા વચ્ચે બીજી સ્વચ્છતા વિશેષ ટ્રેન ચલાવવામાં આવી, જેમાં એન્જિનિયરીંગ, વાણિજ્ય, પરિચાલન, યાંત્રિક, સંકેત




અને દૂરસંચાર, વિદ્યુત, કાર્મિક, લેખા, ચિકિત્સા અને આરપીએફ વગેરે વિભાગોના એક-એક અધિકારીઓ/સુપરવાઈઝરની સાથે પ્રત્યેક વિભાગના ૧૫ થી વધુ કર્મચારી સામેલ થયા. સાબરમતી સ્ટેશન (જેલ સાઈડ) પર એક વ્યાપક શ્રમદાન અને ગહન સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું. દરેક ખૂણાને પૂરી લગન અને એકજૂથતાની સાથે સાફ કરવામાં આવ્યો, જ્યાં રેલવે સ્ટાફ, સ્વંયસેવક અને અધિકારીએ ખભાથી ખભો મેળવીને કામ કર્યું. એ ૫ છી સ્વચ્છતા વિશેષ ટ્રેને પોતાની યાત્રા આરંભ કરી જે સાબરમતી, ઝુંડ, સડલા, બજાણા, જત પિપળી, વસાડવા, ધ્રાંગધ્રા જેવા મુખ્ય સ્ટેશનો પર રોકાઈ. દરેક રોકાણ પર રેલવે કર્મચારીઓએ સફાઈ અભિયાનો અને જનજાગૃતિ પ્રવૃત્તિઓમાં સક્રીય ભાગીદારી કરી, જેનાથી સ્ટેશન વધુ સ્વચ્છ થઈ શકે. આ દરમિયાન લગભગ ૧૦ ટ્રક કચરો એકઠો કરી તેનો નિકાલ કરવામાં આવ્યો. "સ્વચ્છતા એ જ સેવા" (SHS) નો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરમાં વ્યાપક જનભાગીદારીને પ્રેરિત કરવાનો અને સ્વચ્છતા, કચરાનું વ્યવસ્થાપન, એકલ-ઉપયોગ પ્લાસ્ટિકની નાબૂદી, પર્યાવરણ સંરક્ષણ જેવા વિષયો પર જાગૃતિ ઉતપન્ન કરવાનો છે. આ ક્રમમાં રેલવે મંત્રાલય દ્વારા ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૫ સુધી સ્વચ્છતા એ જ સેવા પખવાડિયું આયોજિત કરવામાં આવી રહ્યું છે, જેના હેઠળ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમ નિર્ધારિત કરવામાં આવ્યા છે. રેલવે એકમો દ્વારા સફાઈ મિત્ર સુરક્ષા શિબિર અને પીપીઈ કિટ અને અન્ય ઉપકરણોનું વિતરણ, સ્વચ્છતા પ્રત્યે જાગૃતિને જન આંદોલનનું સ્વરૂપ આપવા માટે મેરેથોન, સાઈક્લોથૉન અને વૉકથૉન જેવા આયોજન, વૃક્ષારોપણ, કચેરીઓ, બિલ્ડીંગો, રેલવે ટ્રેકો, સ્ટેશનો, ટ્રેનો અને રેલવે સંકુલોમાં વ્યાપક સાફ-સફાઈ કરવામાં આવશે તથા ઘેર-ઘેર જઈને નાગરિકોને સ્વચ્છતાના મહત્વ પ્રત્યે જાગૃત કરવામાં આવશે. અમદાવાદ, પાલનપુર, મહેસાણા, ગાંધીધામ વગેરે રેલવે સ્વાસ્થ્ય એકમો દ્વારા પોત-પોતાના અધિકારક્ષેત્રો જેમ કે, રેલવે સ્ટેશન, કૉલોનીઓ વગેરમાં સફાઈ મિત્ર સુરક્ષા શિબિર, સ્વાસ્થ્ય શિબિરોનું આયોજન તથા પીપીઈ કિટ અને અન્ય ઉપકરણોનું વિતરણ કરવામાં આવ્યું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### અડધા ડઝન ઘરો ધરાશાયી, ઘણા લોકો લાપતા

# ચમોલીમાં નંદનગરમાં ભારે વરસાદથી ભૂસ્ખલન

### નંદનગરના કુંત્રી વોર્ડમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનને કારણે ઘટના બની હતી : કાટમાળથી અનેક ઘરોને ભારે નુકસાન



। (એજન્સી) ચમોલી, તા.૧૯ ।

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ભારે વરસાદ સતત તબાહી મચાવી રહ્યો છે. બુધવારે રાત્રે નંદનગર નગર પંચાયતના કુંત્રી વોર્ડમાં ભૂસ્ખલનથી અડધો ડઝન ઘરો કાટમાળ નીચે દટાઈ ગયા હતા, જેના કારણે દસ લોકો ગુમ થયા હતા. કુંત્રી લગા ફાલીમાં આઠ અને ધૂર્મામાં બે લોકો ગુમ છે. ચમોલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના જણાવ્યા અનુસાર, બે લોકોને બચાવી લેવામાં આવ્યા છે. રાહત અને બચાવ કામગીરી માટે દ્રૂફઈહ્ર અને જીફઈહ્રની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. લોકોને સલામત સ્થળોએ આશ્રય લેવાની સલાહ આપવામાં આવી છે. ચમોલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર પાસેથી મળેલી માહિતી અનુસાર, નંદનગરના કુંત્રી વોર્ડમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનને કારણે આ ઘટના બની હતી. કાટમાળથી અનેક ઘરોને ભારે નુકસાન થયું હતું, જેના કારણે પરિવારોના જીવ જોખમમાં મુકાયા હતા. ઝર્ઈ એ ઘટનાસ્થળે એક મેડિકલ ટીમ અને ત્રણ ૧૦૮ એમ્બ્યુલન્સ મોકલી છે. વહીવટીતંત્રે ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી તીવ્ર બનાવી દીધી છે. કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવા માટે યુદ્ધ જેવી કામગીરી ચાલી રહી છે. રાહત ટીમો ગુમ થયેલા લોકોને શોધવા માટે દિવસ-રાત કામ કરી રહી છે. એક પખવાડિયા પહેલા, આ જ વોર્ડમાં ભૂસ્ખલન અને ઊંડી તિરાડોને કારણે આશરે ૧૬ ઘરો જોખમમાં મુકાયા હતા. તે સમયે, ૬૪ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા અને રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં ગુમ થયેલા વ્યક્તિઓની યાદી : માહિતી મુજબ, કુંવર સિંહ (૪૨ વર્ષ), બળવંત સિંહના પુત્ર, કુંવર સિંહ (૩૮ વર્ષ), કુંવર સિંહના પત્ની કાંતા દેવી (૧૦ વર્ષ), કુંવર સિંહના પુત્ર વિકાસ અને વિશાલ (૧૦ વર્ષ), કુતલ સિંહના પુત્ર, નરેન્દ્ર સિંહ (૪૦ વર્ષ), ખયાલી રામના પુત્ર, જગદંબા પ્રસાદ (૭૦ વર્ષ), જગદંબા પ્રસાદની પત્ની ભાગા દેવી (૬૫ વર્ષ) અને દિલબર સિંહ (૬૫ વર્ષ)ની પત્ની દેવેશ્વરી દેવી કુંત્રી લગા ફલી ગામમાંથી ગુમ થયા છે. નંદનગર તહેસીલ ઘાટના ધુર્મા ગામમાંથી બે લોકો ગુમ થયાના અહેવાલ છે. આમાં ચંદ્ર સિંહ (૭૫ વર્ષ)ના પુત્ર, ગુમાન સિંહ અને વિક્રમ સિંહ (૩૮ વર્ષ)ની પત્ની મમતા દેવીનો સમાવેશ થાય છે. નંદનગરના મોખ ખીણમાં આવેલા ધુરમા ગામમાં પણ મોખ નદીના પૂરે ભારે તબાહી મચાવી છે. પૂરના કાટમાળથી અડધો ડઝન ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### કંગના રણૌત આવે તો થપ્પડ જ મારી દેજો, વરિષ્ઠ કોંગ્રેસ નેતાની જીભ લપસી

। (એજન્સી) ચેન્નાઈ, તા.૧૯ ।

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને અભિનેત્રી કંગના રણૌતને લઈને તમિલનાડુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે.એસ. અલગિરિએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. અલગિરિએ કહ્યું કે જો કંગના તમિલનાડુની મુલાકાત લે, તો તેમને થપ્પડ મારી દેજો. કોંગ્રેસના આ ભૂતપૂર્વ પ્રમુખે કંગના પર આરોપ મૂક્યો છે કે તેઓ અહંકારી છે અને બેજવાબદાર નિવેદનો આપે છે. તેમણે ચંદીગઢ એરપોર્ટ પર બનેલી થપ્પડની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ ટિપ્પણી કંગનાના એક જૂના નિવેદનના સંદર્ભમાં કરવામાં આવી હતી, જેમાં કંગનાએ આરોપ લગાવ્યો હતો કે મહિલા કાર્યકરો વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવા માટે ૧૦૦ લે છે. આ નિવેદનને લઈને સવાલ પૂછવામાં આવતાં અલગિરિએ આ વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી.

### મસૂદ અઝહર સંસદ, ૨૬/૧૧ના હુમલાનો માસ્ટર માઈન્ડ હતો

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૧૯ ।

વિશ્વભરમાં આતંકવાદ ફેલાવવા માટે કુખ્યાત પાકિસ્તાનનો ફરી એક વાર ચહેરો ખુલ્લો પડી ગયો છે. પાકિસ્તાનમાંથી ઓપરેટ થઈ રહેલા આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના એક ટોપના આતંકવાદીએ જૈશના પ્રમુખ મસૂદ અઝહર અંગે દુનિયાને હકીકત જણાવી દીધી છે. જૈશના આતંકવાદી મસૂદ ઈલિયાસ કાશ્મીરીએ જણાવ્યું છે કે દિલ્હીમાં સસંદ પરનો હુમલો અને મુંબઈના ૨૬/૧૧ના હુમલા પાછળ કોઈ અન્ય નહીં પરંતુ મસૂદ અઝહર જ હતો. આતંકી ઈલિયાસના આ નિવેદન પછી ફરી એક વાર દુનિયાને ખબર પડી ગઈ છે કે પાકિસ્તાન ભલે જ આતંકવાદ ફેલાવવાનો ઈનકાર કરતું હોય, પરંતુ તમામ આતંકવાદી હુમલાની પાછળ એ જ છે.એક વીડિયોમાં મસૂદ ઈલિસાય કાશ્મીરીએ જણાવ્યું કે મસૂદ અઝહરે ભારતની જેલમાંથી છૂટ્યા પછી ભારત પર હુમલો કરવાની યોજના બનાવી હતી.

### દેશમાં ટકાઉ અને શ્રેષ્ઠ નેશનલ હાઈવે બનાવવા સરકારનો મહત્ત્વનો નિર્ણય

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ ‘નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સ’ માટે ટેન્ડર નિયમોને વધુ કડક બનાવ્યા છે. આનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રોજેક્ટ્સને સમયસર પૂરો કરવા, ખર્ચ ઘટાડવા અને કામની ગુણવત્તા શ્રેષ્ઠ બનાવવાનો છે. NHAIએ સ્પષ્ટ કહ્યું છે કે, જે કોન્ટ્રાક્ટરોને ખરેખર હાઈવે બનાવવાનો અનુભવ હશે, તેવા કોન્ટ્રાક્ટરોને જ મોટા પ્રોજેક્ટ માટે યોગ્ય ગણવામાં આવશે. ઘણીવાર એવું બનતું હોય છે કે, કોન્ટ્રાક્ટરો પોતાના નાના-મોટા કામોને સમાન કામગીરી બતાવીને પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મેળવવાનો પ્રયાસ કરતા હોય છે અને તેઓ ક્વોલિફાય પણ કરી લે છે. જોકે હવે નવા નિયમો મુજબ હવે એવા કોન્ટ્રાક્ટરોને પ્રોજેક્ટનું કામ આપવામાં આવશે, જેઓએ હાઈવેના વિકાસ કાર્યમાં જરૂરી મોટા ઘટનો પર કામ કર્યુ હોય.

### સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસનું નિવેદન

## મંદિરના ઘંટ હોય કે મસ્જિદના લાઉડસ્પીકર, બધુ બંધ કરાવો

### પૂર્વ જસ્ટિસ રોહિંટન નરીમનનું ધાર્મિક સંસ્થાઓમાં વપરાતા લાઉડસ્પીકર પર પ્રતિબંધ મૂકવાનું આહવાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ રોહિંટન નરીમને તાજેતરમાં જ દેશભરની ધાર્મિક સંસ્થાઓમાં વપરાતા લાઉડસ્પીકર પર પ્રતિબંધ મૂકવાનું આહવાન કર્યુ છે. તેમણે કહ્યું કે, આવી ધાર્મિક સંસ્થાઓ પછી ભલે તે મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા કે અન્ય કોઈપણ ધાર્મિક સ્થળ હોય, તેમાં લાઉડસ્પીકરના ઉપયોગ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ, કારણ કે તે જાહેર આરોગ્ય માટે ખતરો છે. તેમણે ચેતવણી આપી હતી કે જો આના પર પ્રતિબંધ ન મૂકવામાં આવે, તો તે જાહેર આરોગ્ય પર સીધી અને મોટા પાયે અસર કરી શકે છે. તેમણે કહ્યું કે, લાઉડસ્પીકર અને ઘંટ વગાડવા જેવી ધાર્મિક અભિવ્યક્તિઓ નાગરિકોના સ્વાસ્થ્ય અને શાંતિપૂર્ણ જીવનના અધિકારોનું ઉલ્લંઘન કરી રહી છે. તેથી, પક્ષપાતના આરોપોને ટાળવા માટે તમામ ધર્મોમાં આને સમાન રીતે નિયંત્રિત કરવા જોઈએ. રિટાયર્ડ જસ્ટિસ રોહિન્ટન નરીમને આ વાત તાજેતરમાં તિરુવનંતપુરમના પ્રેસ ક્લબમાં કે.એમ. બશીર મેમોરિયલ લેક્ચર દરમિયાન કરી હતી. તેમણે કહ્યું કે, મને લાગે છે કે આજકાલ દરેક ધર્મ પોત-પોતાના વિરોધમાં વધુ જોરથી અવાજ ઉઠાવી રહ્યો છે અને ભગવાનને બહેરા બનાવી રહ્યા છે. મને લાગે છે કે કાં તો કોઈ મસ્જિદના લાઉડસ્પીકર પર બૂમો પાડી રહ્યા છે અથવા કોઈ મંદિરના ઘંટ જોર-જોરથી વગાડી રહ્યું છે. આ બધું બંધ થવું જોઈએ કારણ કે તેનાથી ધ્વનિ પ્રદૂષણ થાય છે. તેમણે આગળ કહ્યું કે, જો તેનાથી ધ્વનિ પ્રદૂષણ થાય છે, તો તે સીધુ સ્વાસ્થ્યના દાયરામાં આવે છે, અને મારું માનવું છે કે દરેક રાજ્યએ શક્ય તેટલી વહેલી તકે મસ્જિદો અને મંદિરોમાં લાઉડસ્પીકર અને ઘંટ વગાડવા જેવી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ, જેથી સવાર-સવારમાં લોકોને મુશ્કેલી ન પડે અને તેમની ઊંઘમાં ખલેલ ન પહોંચે. આ ફરીથી એક એવી બાબત છે જેને રાજ્યએ પોતાના હાથમાં લેવી જોઈએ અને તેને દરેક પર સમાન રીતે લાગુ કરવી જોઈએ જેથી તમે ફરીથી એવું ન કહી શકો કે તમે અમુક પક્ષને ટેકો આપી રહ્યા છો અથવા અમુક પક્ષનો વિરોધ કરી રહ્યા છો. તમારે તેના પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ. તમે ઓડિટોરિયમમાં લાઉડસ્પીકર લગાવી શકો છો જ્યાં દરેક વ્યક્તિ કોઈને સાંભળવા માંગે છે અને કંઈ બહાર આવતું નથી, પરંતુ તમે બહાર લાઉડસ્પીકર ન લગાવી શકો જેનાથી શોર અને ઉપદ્રવ થાય છે. આ ચર્ચાને બંધારણીય સંદર્ભમાં મૂકતા તેમણે યાદ અપાવ્યું કે, પ્રસ્તાવના અમે ભારતના લોકોથી શરૂ થાય છે, જેમાં દરેક નાગરિકો સામેલ છે, ન માત્ર બહુમતી અથવા કોઈ એક સમુદાય. અમે ભારતના લોકોનો અર્થ ભારતની બહુમતી અથવા ભારતની પુખ્ત પુરુષ વસતી નથી. તેનો અર્થ અમે ભારતના લોકો છે.

### પાકિસ્તાન-સાઉદી વચ્ચે ડીલ અંગે ભારતની પ્રતિક્રિયા

## ભારતે સ્પષ્ટતા કરી છે કે તે પોતાના રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે તૈયાર છે

### ભારત સરકાર આ કરાર સંબંધિત સમાચારોથી વાકેફ છે અને તેને ગંભીરતાથી લઈ રહી છે : વિદેશ મંત્રાલયના પ્રવક્તા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચેના તાજેતરના સંરક્ષણ કરાર પર ભારતે પ્રતિક્રિયા આપી છે. આ સમજૂતી મુજબ, જો બંનેમાંથી કોઈ એક દેશ પર હુમલો થાય, તો તેને બીજા દેશ પર પણ હુમલો ગણવામાં આવશે. આ અંગે ભારતે સ્પષ્ટતા કરી છે કે તે પોતાના રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે તૈયાર છે, અને આ કરારની અસરોનો અભ્યાસ કરવામાં આવશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મીડિયાને જણાવ્યું કે ભારત સરકાર આ કરાર સંબંધિત સમાચારોથી વાકેફ છે અને તેને ગંભીરતાથી લઈ રહી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે સરકારને આ સમજૂતી વિશે પહેલાંથી જ જાણકારી હતી, જે હવે ઔપચારિક બની છે. તેમણે કહ્યું, અમે આ ઘટનાક્રમથી ભારતની રાષ્ટ્રીય સુરક્ષા તેમજ પ્રાદેશિક અને વૈશ્વિક સ્થિરતા પર થનારી અસરોનું વિશ્લેષણ કરીશું. એક રસપ્રદ બાબત એ છે કે ભારતને આ સમજૂતીની જાણકારી અગાઉથી જ હતી. આ અંગે એવું માનવામાં આવે છે કે આ જાણકારી કાં તો સાઉદી અરેબિયાએ પોતે આપી હતી અથવા કોઈ અન્ય દેશે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. જયસ્વાલે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત સરકાર પોતાના રાષ્ટ્રીય હિતોની રક્ષા અને તમામ ક્ષેત્રોમાં વ્યાપક રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ કરારના સંભવિત પરિણામોનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવશે, જેથી ભારતની સુરક્ષા અને ક્ષેત્રીય સ્થિરતા પર તેની અસરને સમજી શકાય. પાકિસ્તાન અને સાઉદી અરેબિયાએ બુધવારે એક સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ વ્યૂહાત્મક પરસ્પર સંરક્ષણ સમજૂતી પર વડાપ્રધાન શાહબાઝ શરીફની રિયાદ યાત્રા દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સમજૂતીની ચોક્કસ શરતો અને વ્યાપકતા વિશે હજી સુધી કોઈ સત્તાવાર વિગતો બહાર આવી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર વડાપ્રધાન કાર્યાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંનેમાંથી કોઈ એક દેશ પર હુમલો થાય તો તેને બંને દેશો પર હુમલો માનવામાં આવશે. હસ્તાક્ષર સમારોહ પછી જાહેર થયેલા એક સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આશરે આઠ દાયકાથી ચાલી રહેલી ભાગીદારીને આગળ વધારતા, ભાઈચારા, ઈસ્લામિક એકતા અને સામાન્ય વ્યૂહાત્મક હિતોના બંધનો પર આધારિત બંને પક્ષોએ વ્યૂહાત્મક પરસ્પર સંરક્ષણ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

### PM મોદી અને ઈયુના ઉર્સલા વહેલી તકે એફટીએ માટે પ્રતિબદ્ધ

## ભારત-ઈયુ વેપાર ચર્ચા અંતિમ તબક્કામાં, વર્ષના અંતે FTA સંભવ

### ભારત અને ઈયુ વચ્ચે વેપાર કરાર માટે નવી દિલ્હીમાં ગત સપ્તાહે ૧૩માં ચરણની વાતચીત યોજાઈ હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારત અને યુરોપીયન સંઘ વચ્ચે મુક્ત વેપાર કરાર (એફટીએ) માટેની ચર્ચા અંતિમ તબક્કામાં છે અને ચાલુ વર્ષના અંત સુધીમાં બંને વચ્ચે એફટીએ થવાની પ્રબળ શક્યતા છે. યુરોપીયન કમિશનના અધ્યક્ષ ઉરુસલા વોન ડેર લેયેને પીએમ મોદીને ૭૫માં જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી. આ દરમિયાન થયેલી વાતચીતમાં બંને નેતાઓએ વહેલી તકે એફટીએની પ્રક્રિયા પૂર્ણ કરવા પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. ભારત અને ઈયુ વચ્ચે લાંબા સમયથી મુક્ત વેપાર કરાર અંગે વાટાઘાટ ચાલી રહી છે. હવે ચર્ચા અંતિમ ચરણમાં પહોંચી છે. ભારત અને ઈયુ વચ્ચે ૬થી ૧૦ ઓક્ટોબરના રોજ બ્રેસલ્સમાં એફટીએ માટે ૧૪મી વખત ચર્ચા હાથ ધરાશે. ઈયુ કમિશનના પ્રેસિડેન્ટ ઉરુસલાએ પીએમને જન્મિદવસ પર શુભેચ્છા પાઠવી હતી અને સાથે જ ચાલુ વર્ષના અંતે બંને પક્ષો વચ્ચે એફટીએ સમજૂતિ થવાની આશા વ્યક્ત કરી હતી. વડાપ્રધાન મોદીએ જન્મદિવસ પર શુભેચ્છા પાઠવવા બદલ તેમનો આભાર માન્યો હતો.ભારત અને યુરોપીયન સંઘ સાથે મળીને આગળનો રસ્તો નક્કી કરશે. પીએમ મોદીએ ભારત સાથે જોડાણ માટે ઈયુએ અપનાવેલા નવા વ્યૂહાત્મક એજન્ડા બદલ કમિશનના અધ્યક્ષની પ્રશંસા કરી હતી. બંને પક્ષો વચ્ચે સુરક્ષા સહિતના ક્ષેત્રે દ્વિપક્ષીય સહયોગ વધુ ઊંડો, વ્યાપક અને વધુ સારા સંકલન સાથે થાય તે નવા એજન્ડાનો ઉદ્દેશ રહેશે. ભારત-ઈયુ સંબંધોને આગળના સ્તરે લઈ જવા અમે તૈયાર છીએ. આ સંયુક્ત પ્રતિબદ્ધા, લક્ષ્ય અને જવાબદારી છે.યુક્રેન યુદ્ધનો વહેલી તકે શાંતિપૂર્ણ ઉકેલ આવે તે માટે આપણે પ્રતિબદ્ધ છીએ, તેમ પીએમ મોદીએ જણાવ્યું હતું. ભારત અને ઈયુ વચ્ચે વેપાર કરાર માટે નવી દિલ્હીમાં ગત સપ્તાહે ૧૩માં ચરણની વાતચીત યોજાઈ હતી. યુરોપીયન સંઘ ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે અને દ્વિપક્ષીય વેપારની દૃષ્ટિએ ૨૦૨૩-૨૪મા ૧૩૫ અબજ યુએસ ડોલરનો વેપાર નોંધાયો હતો.

### રશિયન પ્રમુખ પુતિને અચાનક મુલાકાત લીધી

## રશિયા અને બેલારૂસના એક લાખથી વધુ સૈનિકોનો સંયુક્ત સૈન્ય અભ્યાસ

। (એજન્સી) મોસ્કો, તા.૧૯ ।

રશિયા અને બેલારુસના એક લાખથી વધુ સૈનિકોએ સંયુક્ત સૈન્ય અભ્યાસ “ઝાપડ ૨૦૨૫”માં ભાગ લીધો હતો. જેની રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનએ અચાનક મુલાકાત લીધી હતી. આ કવાયત ૧૨ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન બેલારુસ અને રશિયામાં નાટો સરહદો નજીક યોજાઈ હતી. આ કવાયતમાં એક લાખથી વધુ સૈનિકો સામેલ હતા. આટલા મોટાપાયે હાથ ધરવામાં આવેલી આ કવાયતે નાટો દેશોમાં ચિંતાનો માહોલ સર્જ્યો છે, ખાસ કરીને પોલેન્ડમાં રશિયન ડ્રોન તોડી પાડ્યા બાદ હાથ ધરાયેલી આ કવાયત નવા દેશ પર હુમલાની તૈયારીનો સંકેત આપે છે.

ઝાપડ નો રશિયનમાં અર્થ પશ્ચિમ થાય છે. આ રશિયા અને બેલારુસ વચ્ચે દર ચાર વર્ષે યોજાતી એક મોટી સંયુક્ત લશ્કરી કવાયત છે. તેનો હેતુ બંને દેશોના યુનિયન સ્ટેટ ની સંરક્ષણ ક્ષમતાઓનું પરીક્ષણ કરવાનો છે. આ કવાયતમાં, સૈનિકો હુમલાને પાછો ખેંચવા, ગુમાવેલા પ્રદેશને પાછો મેળવવા અને સરહદોનું રક્ષણ કરવાની પ્રેક્ટિસ કરે છે. આ કવાયતમાં ટેંક, ફાઈટર જેટ, અટેક હેલિકોપ્ટર, ડ્રોન, ક્રુઝ મિસાઈલ અને સબમરીનનો સમાવેશ થયો હતો. રશિયાએ બેરેન્ટ્સ સમુદ્રમાં ક્રુઝ મિસાઈલ લોન્ચનો અભ્યાસ કર્યો હતો. બેલારુસના સંરક્ષણ મંત્રી વિક્ટર ખ્રેનિને આ અંગે જણાવ્યું હતું કે, આ કવાયત યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં થશે.

રશિયા અને યુક્રેન વચ્ચે ૨૦૨૨માં શરૂ થયેલા યુદ્ધ બાદ આ પહેલી ઝાપડ કવાયત છે. અગાઉ ૨૦૨૧માં યોજાયેલી કવાયતમાં આશરે બે લાખ સૈનિકોએ ભાગ લીધો હતો. જોકે હાલ યોજાયેલી ૨૦૨૫ની કવાયત નાનાપાયે રહી હતી. જેમાં બેલારુસના સત્તાવાર રીતે ૧૩,૦૦૦ સૈનિકો (૨,૦૦૦ રશિયન સહિત) અને રશિયા તરફથી કુલ ૩૦,૦૦૦ સૈનિકો સામેલ થયા હોવાનો અહેવાલ આપ્યો હતો. જ્યારે પુતિને જણાવ્યા પ્રમાણે કુલ ૧ લાખ સૈનિકોએ ભાગ લીધો હતો. આ કવાયત બેલારુસના બોરીસોવ ટ્રેનિંગ ગ્રાઉન્ડ અને રશિયાના કાલિનિનગ્રાડ પ્રદેશમાં થઈ હતી.

### મંગેતરે હત્યા કરાવી

## લગ્ન કરવા અમેરિકાથી લુધિયાણા આવી હતી ૬૯ વર્ષની “દુલ્હન”



। (એજન્સી) લુધિયાણા, તા.૧૯ ।

પંજાબના લુધિયાણામાં બનેલી એક સનસનીખેજ ઘટનાએ તમામને હચમચાવી મૂક્યા છે. અમેરિકાથી આવેલી ૬૯ વર્ષીય એનઆરઆઈ રૂપિન્દર કૌર પંધેરની હત્યા કરી દેવામાં આવી હતી. લુધિયાણા નજીક ઘુંગરાણા ગામના એક નાળામાંથી તેનું હાડપિંજર મળી આવ્યું હતું. અહીં આવ્યા પછી રૂપિન્દર રહસ્યમય રીતે ગાયબ થઈ ગઈ હતી. હવે પોલીસે આ હત્યાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ઘટના સ્થળેથી મહિલાનો ક્ષતિગ્રસ્ત આઈફોન પણ મળી આવ્યો છે, જેને આરોપીએ પુરાવાનો નાશ કરવા માટે ત્યાં ફેંકી દીધો હતો. તપાસમાં ખુલાસો થયો છે કે, રૂપિંદરની હત્યા તેના મંગેતરે કરાવી હતી, જે ઈંગ્લેન્ડમાં રહે છે. લુધિયાણા ડીસીપીએ જણાવ્યું કે, આ હત્યાનું કાવતરું રૂપિંદર કૌરના ૬૭ વર્ષીય મંગેતર ચરણજીત સિંહ ગ્રેવાલે ઘડ્યું હતું. ચરણજીત યુકેમાં રહે છે. તેણે લગ્ન ન કરવા માટે રૂપિન્દરને રસ્તામાંથી હટાવવાનું કાવતરું ઘડ્યું. તેણે તેના પરિચિત સુખજીત સિંહને તેની સોપારી આપી. સુખજીત સિંહ કિલા રાયપુરના કોર્ટ સંકુલમાં ટાઈપિસ્ટનું કામ કરે છે. પૂછપરછ દરમિયાન સુખજીતે પોલીસ સમક્ષ કબૂલાત કરી કે, મેં રૂપિંદરની હત્યા કરી હતી. પોલીસે આ સમગ્ર મામલે જણાવ્યું કે,, ૧૨ જુલાઈના રોજ સુખજીતે રૂપિન્દરની તેના ઘરમાં ક્રૂરતાથી હત્યા કરી નાખી હતી. તેણે બેઝબોલ બેટથી તેની હત્યા કરી હતી. હત્યા પછી તેણે લાશને કોલસા પર સળગાવી દીધી હતી અને પછી તેને ચાર બોરીઓમાં ભરીને ઘુંગરાણા ગામમાં એક નાળામાં ફેંકી દીધી હતી. સુખજીત અને ચરણજીતની મુલાકાત ૨૦૧૪માં એક રાજકીય પક્ષના પ્રચાર દરમિયાન થઈ હતી. ત્યારબાદ તેઓ નજીક આવ્યા. આ દરમિયાન ચરણજીતે પ્રોપર્ટી વિવાદોમાં સુખજીતની મદદ માગી. રૂપિન્દર ઘણીવાર લુધિયાણા આવતી ત્યારે સુખજીતના ઘરમાં રહેતી હતી. તેણે સુખજીતને પોતાની પાવર ઓફ એટર્ની પણ સોંપી દીધી હતી. ધીમે-ધીમે રૂપિન્દરના નાણાકીય વ્યવહારો પણ આ બંને સાથે જોડાવા લાગ્યા.

## નશામાં ધૂત છોકરાઓએ સૂપમાં પેશાબ કરતા વિવાદ

### આ બંને છોકરાઓએ એક રેસ્ટોરન્ટમાં સૂપના વાસણમાં પેશાબ કરતા વીડિયો બનાવ્યા બાદ દેશભરમાં ભારે રોષ

। (એજન્સી) બેઈજીંગ, તા.૧૯ ।

ચીનમાં બે નશામાં ધૂત છોકરાઓએ સૂપમાં પેશાબ કરતા વીડિયો બનાવ્યો હતો, જેની સજા તેમના માતા-પિતાને મળી છે. ચીનની એક કોર્ટે બંને છોકરાઓના માતા-પિતાને ૨.૨ મિલિયન યુઆન (રૂ. ૨.૬ કરોડ) વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ બંને છોકરાઓએ એક રેસ્ટોરન્ટમાં સૂપના વાસણમાં પેશાબ કરતા વીડિયો બનાવ્યા બાદ દેશભરમાં ભારે રોષ ફેલાયો હતો. ચોંકાવનારા ફૂટેજમાં નશામાં ધૂત ૧૭ વર્ષનો છોકરો ચીનની સૌથી મોટી હોટપોટ ચેઈન Haidilaoના શાંઘાઈ સ્થિત એક આઉટલેટના પ્રાઈવેટ રૂમમાં જમતી વખતે ટેબલ પર ઊભો રહીને સૂપમાં પેશાબ કરતો દેખાઈ રહ્યો છે. આ ઘટના ૨૪ ફેબ્રુઆરીના રોજ બની હતી, પરંતુ કંપનીને ચાર દિવસ પછી તેની જાણ થઈ. જોકે અન્ય કોઈપણ ગ્રાહકે ગંદા સૂપનું સેવન નહોતું કર્યું, પરંતુ આ વીડિયોથી દેશભરમાં આક્રોશ ફેલાયો અને રેસ્ટોરન્ટની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું. Haidilaoએ સાવચેતીના ભાગ રૂપે ૪,૦૦૦ થી વધુ ગ્રાહકોને વળતરની ઓફર કરી અને સિચુઆનના ઝિયાનયાંગમાં પોલીસને આ બાબતની જાણ કરી, જ્યાં કંપનીનું મુખ્ય મથક છે. ત્યારબાદ આ છોકરાઓની ધરપકડ કરવામાં આવી. માર્ચમાં, કંપનીએ એક સિવિલ કેસ દાખલ કરીને જાહેર માફી અને ૨.૩ મિલિયન યુઆન (૨૭ કરોડ) નુકસાનની માગ કરી હતી. આ અઠવાડિયે શાંઘાઈની હુઆંગપુ ડિસ્ટ્રિક્ટ પીપલ્સ કોર્ટે ચુકાદો આપ્યો કે છોકરાઓએ સંપત્તિના અધિકારોનું ઉલ્લંઘન કર્યું છે અને અપમાનજનક કૃત્યો દ્વારા પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું છે. કોર્ટે કહ્યું કે, તેમના આ કાર્યથી રેસ્ટોરન્ટનું વાતાવરણ પ્રદૂષિત થયું, લોકોને અસુવિધા થઈ અને કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યુ છે. છોકરાઓના માતા-પિતા તેમની ફરજ નિભાવવામાં નિષ્ફળ ગયા હોવાથી તેમને પ્રતિષ્ઠા અને વ્યવસાયિક નુકસાન માટે ૨ મિલિયન યુઆન (૨.૪ કરોડ), ટેબલવેર નુકસાન અને સફાઈ માટે ૧૩૦,૦૦૦ યુઆન (૧૫.૪ લાખ) અને કાનૂની ફી તરીકે ૭૦,૦૦૦ યુઆન (૮.૩ લાખ) ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. છોકરાઓ અને તેમના માતા-પિતાને સગીરોની ઉંમરને કારણે ગોપનીયતાની સુરક્ષા સાથે, નિયુક્ત અખબારોમાં જાહેર માફી માગવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

## તંત્રી લેખ...

# ભારત, પાક., અફઘાનિસ્તાન અને ચીન મોટા ડ્રગ્સ ઉત્પાદન કેન્દ્રો

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે નવો ફણગો ફોડયો છે. તેણે, ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ચીનને વિશ્વના અગ્રણી ડ્ર્ગ્સ ઉત્પાદન કેન્દ્ર ગણાવ્યા છે, જે અમેરિકાના યુવાધનને પાયમાલ કરે છે. ટ્રમ્પે યુએસ કોંગ્રેસ સમક્ષ રજૂ કરેલા પ્રેસિડેન્સિટલ ડિટરમિનેશન વિશ્વના કુલ ટોચના ૨૩ ડ્ર્ગ ઉત્પાદન કરતાં દેશો, કેન્દ્રો અને ટ્રાન્ઝિટ રુટ તરીકે ઉપયોગમાં લેવાતા દેશોની યાદી સોંપી હતી. ટ્રમ્પના જણાવ્યા મુજબ આ દેશોમાં ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ચીન ઉપરાંત બહામાસ, બેલિઝ, બોલિવિયા, બર્મા, કોલંબિયા, કોસ્ટારિકા, ડોમિનિકન રિપબ્લિકન, અલ સાલ્વાડોર, ગ્વાટેમાલા, હૈતી, હોન્ડુરાસ, જમૈકા, લાઓસ, મેક્સિકો, નિકારાગુઆ, પનામા, પેરુ અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે.ટ્રમ્પે આ દેશોના નામ કોંગ્રેસને સોંપ્યા છે. આ દેશો અમેરિકા અને અમેરિકન નાગરિક માટે જોખમી હોવાનું જણાવ્યું છે. આ દેશો અમેરિકામાં ગેરકાયદે ડ્ર્ગ્સ ઘૂસાડવા અને ક્યાં તો તેમના પરિવહન કે ઉત્પાદન માટે જાણીતા છે. પ્રેસિડેન્સિયલ ડિટરમિનેશનમાં વિદેશ વિભાગે જણાવ્યું હતું કેઆ ૨૩ દેશોમાંથી પાંચ દેશો અફઘાનિસ્તાન, બોલિવિય, બર્મા, કોલંબિયા અને વેનેઝુએલા તો ડ્ર્ગ્સના દૂષણને નાથવામાં સદંતર નિષ્ફળ ગયા હતા. આના પગલે તાજેતરમાં જ અમેરિકાએ આવા જ એક વેનેઝુએલાના ડ્ર્ગ્સની તસ્કરી કરતા જહાજ પર હુમલો કરવો પડયો હતો. આ દેશોમાં ઉત્પાદિત થતાં ગેરકાયદે ડ્ર્ગ્સ અને કેમિકલ્સ અમેરિકન નાગરિક માટે જોખમી છે. વિદેશ વિભાગે સ્પષ્ટતા કરી હતી કે જરુરી નથી કે આ યાદી સરકારની ડ્ર્ગ્સના દૂષણ સામેની કાર્યવાહીનું પ્રતિબિંબ પાડે. તેમણે જણાવ્યું હતું કે ચીન અમેરિકા સહિત વિશ્વમાં ફેન્ટાનીલનું સૌથી મોટું પુરવઠાકાર છે. તે મોટાપાયા પર સિન્થેટિક નાર્કોટિક્સ જેવા કે નીતાઝેન્સ અને મટામેમ્ફેટાઈન પૂરાં પાડે છે. ચીનની નેતાગીરીએ આ પ્રકારના ગેરકાયદે કેમિકલનો પુરવઠો અટકાવવા વધુ આકરાં પગલાં ભરવા જોઈએ. અફઘાનિસ્તાનના તાલિબાનો ગેરકાયદે ડ્ર્ગ્સને ડામવામાં સદંતર નિષ્ફળ ગયા છે. તેઓના અમુક આગેવાનો રીતસર આ ધંધામાં જ રોકાયેલા છે. તેમા પણ છેલ્લા ૧૨ મહિના દરમિયાન તો તેણે ઉલ્લેખનીય કહી શકાય તેવી કોઈ કાર્યવાહી આ ડ્ર્ગ સપ્લાયરો સામે કરી નથી. આ ડ્ર્ગ કાર્ટેલના રુપિયાનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય આતંકવાદી પ્રવૃત્તિઓમાં અને ગેંગોને મજબૂત બનાવવામાં તથા શસ્ત્રોના વેપારમાં કરાય છે.

## નેશનલ હાઇવે ૪૭ પર અમદાવાદ લીંબડી માર્ગ પર હોટ મિક્ષ દ્વારા પેચવર્ક થકી માર્ગ મરામત કાર્ય હાથ ધરાયું, નેશનલ હાઇવે 47(NH47) પર માર્ગ મરામતની કામગીરી પ્રગતિમાં







। (માહિતી બ્યુરો) અમદાવાદ, તા.૧૯ ।

રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા અમદાવાદ શહેર-જિલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર નુકસાન પામેલા માર્ગોને રિપેર કરવાની કામગીરી પૂરજોશમાં પ્રગતિ હેઠળ છે. નેશનલ હાઈવે 47(NH47) પર અલગ વિસ્તારોમાં વરસાદથી પ્રભાવિત તથા અન્ય કારણોસર ક્ષતિ પામેલા માર્ગો પર હોટમિક્ષ દ્વારા પેચવર્ક અને મરામતની કામગીરી પ્રગતિમાં છે. જે અંતર્ગત નેશનલ હાઈવે 47 પર અમદાવાદ લીંબડી માર્ગ પર જરૂરિયાત અનુસાર પેચવર્કની કામગીરી કરવામાં આવી હતી. અમદાવાદ લીંબડી માર્ગ રોહિકા, બગોદરા સહિતના સ્થળો પર મુસાફરોની સલામતી ધ્યાને રાખતા ક્ષતિ પામેલા માર્ગો પર હોટ મિક્ષ, રોલર અને પેવર દ્વારા પેચવર્ક અને માર્ગ મરામતની કામગીરી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નેશનલ હાઈવે 47 પર વરસાદથી પ્રભાવિત માર્ગોના રીપેરીંગ માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદની ટીમો સતત પ્રયાસરત છે. જેસીબી, રોલર, ડમ્પર, ગ્રેડર, ટ્રેકટર સહિતના સાધનો સાથે ટીમોએ સતતપણે કામગીરી કરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH 47 પર નુકસાન પામેલા રોડ રસ્તાઓને ઝડપથી રીપેર કરવા કામગીરી હાથ ધરી છે.. અત્રે ઉલ્લેખનીય છે કે નેશનલ હાઈવે 47 પર વરસાદથી પ્રભાવિત માર્ગોના રીપેરીંગ માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદની ટીમો સતત પ્રયાસરત છે. જેસીબી, રોલર, ડમ્પર, ગ્રેડર, ટ્રેકટર સહિતના સાધનો સાથે ટીમોએ સતતપણે કામગીરી કરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH 47 પર નુકસાન પામેલા રોડ રસ્તાઓને ઝડપ થી રીપેર કરવા કામગીરી હાથ ધરી છે.

### જોડીયા બાળકો એકસરખા હોય છે, એક માના ગર્ભમાંથી જ નીકળ્યા હોય, થોડી મિનિટોનો ફેર હોય, છતાં બંનેમાં અંતર છે

# રામચરિતમાનસનાં આધારે કેટલાક પાતક અને ઉપપાતક એટલે કે અપરાધ જોઈએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભૂત પ્રેતની સાધના એટલે ચમત્કારો વાળી સાધના, અંધશ્રદ્ધા તંત્ર સાધનામાં પ્રવૃત્ત થાય એવી પતનની ગતિ મારી થાય. મેલી વિદ્યામાં ન જાવ, સદવિદ્યામાં પ્રવૃત્તિ રહો. આમ દુર્ગતિ દેનારા પાતક કોણ કોણ છે, તો તુલસી લખે છે, જે વેદને વેચશે, અને ધર્મનું શોષણ કરશે, જે બીજાના પાપોને જાહેર કરે છે, એટલે કે નિંદા કરે છે, પોતાના પાપ છુપાવે છે, અને એમની જે દુર્ગતિ થાય એવી મારી થાય. જે ગ્રંથનો પૂર્ણ ભાવે આશ્રય કરે છે, એને ગ્રંથ શું નથી આપતાં? પરંતુ ભરોસો હોવો જોઈએ.**

માનસ અપરાધની ચોથા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે આપણે અપરાધ વિશે ચિંતન કરીએ છીએ, ત્યારે એનાથી ડરવાની જરૂર નથી! પણ સાવચેત રહી હવે અપરાધ થાય નહીં એમ જીવવાનું છે! જોડીયા બાળકો એકસરખા હોય છે, એક માના ગર્ભમાંથી જ નીકળ્યા હોય, થોડી મિનિટોનો ફેર હોય, છતાં બંનેમાં અંતર છે, એમ પાપ, અપરાધ, ભૂલ, ચૂક એ બધા પર્યાય જણાય પણ બધામાં અંતર છે. મૂળતઃ ઈશ્વર કંઈ જ કરતાં નથી, વેદાંતે એક શબ્દ આપી દીધો છે કે, ઈશ્વર સાક્ષી છે, દ્રષ્ટા છે! પણ જગદીશ જ્યારે જગત બની જાય તો અપરાધ, પાપ, ક્ષમા એ બધું માત્ર જીવે શું કામ ભોગવવાનું? એવો એક પ્રશ્ન છે. જગદીશ જગત બની જાય તો એ માત્ર પાપ નથી કરતાં, એ પુણ્ય પણ કરે છે, એ દૃષ્ટિએ પણ જોવું રહ્યું. જેમ કે ઈશ્વર પાણી બને તો, ૐર્ નું સૂત્ર ઈશ્વરને લાગી ગયું, અને પહાડ બને તો પહાડની કઠોરતા અચલતાની ઉપાધિ એને લાગી ગઈ, પથ્થર બની ગયા તો પ્રહાર કરવાનો ગુણ સહજ થયો, પૃથ્વી બની ગયા તો શાનશીલ થવું અને ક્ષમા આપવી એ ગુણો સહજ થયા. સુરજ બન્યાં તો સૂરજનો તાપ અને એ દુરીની અવધિ લાગી ગઈ, ફુલ બની ગયા તો મહેક આવશે. પાપ કરીએ તો પ્રાયશ્ચિતની વિધા બતાવી છે, પણ અપરાધ માટે એવી કોઈ વ્યવસ્થા બતાવી નથી! પણ સીધું સાદું જેમ ગંદાં થયાં હોઈએ તો ન્હાઈ લઈએ છીએ, એમ અપરાધ થયો હોય તો શુદ્ધ થવું! એટલે તીર્થમાં સ્નાન કરવા કાશી કે ગયા જવાની જરૂર નથી, આપણી શ્રદ્ધામાં જ સપ્ત નગરી મોક્ષદાયિકા છે. કોઈ સંત કે સાધુનો થોડો સંગ મળી જાય તો શુદ્ધ થઈ જવાય છે! જે મુક્તિ કે મોક્ષ બરાબર છે. પાતક અને ઉપપાતક પાતક એટલે પાપ અને ઉપપાતક એટલે અપરાધ! પણ ઉપપાતક વિશે વાત કરીએ એ પહેલાં માનસમાં ભરતજીને જ્યારે ખબર પડે છે કે, એની માતા કૈકેયીએ પોતાને રાજગાદી મળે, એ માટે પ્રભુ શ્રીરામને ૧૪ વર્ષનો વનવાસ આપ્યો! ત્યારે ભરતજી કૌશલ્યાનાં અંકમાં માથું રાખીને ખૂબ રડે છે, અને કહે છે કે, જો મેં મારી માતાને મારી માટે રાજ માંગવાનું કહ્યું હોય તો મને આટલાં આટલાં પાતક લાગે!

**૧) પોતાની માતાની હત્યાનું જે પાપ હોય એ પાપ મને લાગે, એ અને એનાથી જે દુર્ગતિ થાય એ મને મળે.**

**૨) પિતાની હત્યાનું પાપ મને લાગે! અહીં હત્યા એટલે ફક્ત મારવું નહીં, અપમાન પણ હત્યા સમાન છે, અને નિર્દોષને ગાળો દેવી એ પણ હત્યા છે.**

**૩) ગુરુની હત્યાનું પાપ મને લાગે! અને મારી એવી દુર્ગતિ થાય.**

**૪) ગૌશાળા બાળવાનું પાપ !**

**૫) બ્રાહ્મણોનાં ગામ બાળી નાખવાનું પાપ.**

**૬) મહિસુર એટલે કે મંદિર બાળવાનું પાપ.**

**૭) કોઈ સ્ત્રીની હત્યાનું પાપ એટલે કે નારીનું અપમાન કે નારી નિંદક.**

**૮) બાળકની હત્યાનું પાપ, બાળકનો અનાદર, બાળકની ઉપેક્ષા.**

**૯) આપણાં મિત્ર કે આપણાં હિતેચ્છુને ઝેર આપવાનું જે પાપ લાગે એ મને લાગે.**

ભરત કહે છે કે મારી માતાને કહ્યું હોય કે રામને વનવાસ અને મને રાજ મળે! તો આટલા પાપત નું પાપ અને એનાથી થતી દુર્ગતિ મને પ્રાપ્ત થાય!

પરાશર મુનિના મનમાં મત્સ્યગંધા માટે આસક્તિ પેદા થઈ, અને તેઓ એનો હાથ પકડે છે, નારી જાન્ય સંકોચ સાથે એણે મુનિનો સંગ કર્યો, અને એક પુત્રનો જન્મ થયો. મત્સ્યગંધા કહે છે મુનિ આપ તો ચાલ્યા જશો, આ પુત્રને હું ક્યાં રાખું? એટલામાં એક નૌકા દ્વીપ પાસે આવી, એમણે મત્સ્યગંધાને કહ્યું તું આ પુત્રને આ દ્વિપ પર ઉછેર, મોટો થવાને કારણે એનું નામ દ્વેપાયન વ્યાસ થશે! આ ઉપરાંત મુનિએ મત્સ્યગંધા ને અક્ષુણ કન્યાપણાનું વરદાન આપ્યું, અને એનું નામ યોજનગંધા પડ્યું ! અને એનું જ બીજું નામ સત્યવતી, જેનાથી શાંતનુ આકર્ષિત થયા હતાં. અને સત્યવતિના પિતા એ પોતાની પુત્રીથી થતા કુંવરને જ રાજ્ય મળે, એ શરત સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું, એટલે એમના ગંગા પુત્ર દેવવ્રતે દાશરાજ ધીવર પાસે જઈને આજીવન કુંવારા રહેવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરી હતી! પિતા શાંતનુ ને જ્યારે ખબર પડી ત્યારે, એમણે કહ્યું બેટા તે મારી ઈચ્છાપૂર્તિ કરવાં માટે આટલું મોટું બલિદાન આપ્યું? ત્યારે દેવવ્રતે કહ્યું કે પિતાજી આ કારણે હું સંયમી અને તપસ્વી રહી શકીશ. ગુણવંત ભાઈ શાહને યાદ કરતાં કહ્યું કે, જો દેવવ્રત રાજા થયો હોત તો, મહાભારતનું યુદ્ધ ન થયું હોત! ખ્યાલ સારો છે, બાકી આપણે સૌ નિયતિની મુઠ્ઠીમાં છીએ, નિયતિ કોઈને છોડતી નથી. એટલે પિતા પુત્રમાં કોનું પાતક કે ઉપપાતક એ અંતે તો નક્કી કરવું મુશ્કેલ છે. પાતક એટલે પાપ અને ઉપપાતક એટલે કે અપરાધની જેવા પર્યાયવાચી કર્મની વાત કરીએ તો, કરમ વચન મન ભવ કવિ કહહી. આમ તો પાપ અને ઉપપાપનો જન્મ કર્મથી, વચનથી, મનથી થાય છે. કામને મનનો દીકરો કહ્યો છે, અને એટલે જ એને મનોજ કહેવામાં આવે છે. પહેલા માનવીનાં મનમાં પાતક કે ઉપપાતકનો જન્મ થાય છે. ઉપનિષદનું સૂત્ર છે, કે મારી વાણી મારા મનમાં સમાહિત થાય, અથવા મારું મન મારી વાણીમાં સમાહિત થાય એટલે કે મારા મનમાં જે છે એ, વાણી દ્વારા બહાર નીકળો. મન કે વાણીમાં રહેલું ઉપપાતક કર્મ માં પ્રવૃત્ત થવા લાગે, અને એની જે દુર્ગતિ વિધાતા એ લખી હોય, એ મને પ્રાપ્ત થાય, એવું ભરત કહે છે. હરિહર નાં ચરણનો આશ્રય અને એની ભક્તિ છોડીને, જે ભૂત પ્રેતની ઘોર સાધના કરે છે, એની દુર્ગતિ થાય એ મારી થાય, આમ ભરત કહે છે. સાધુ કે સંતનાં સંગમાં જેને રુચિ ન્હોય! અને એ ઉપપાતકની દુર્ગતિનું ફળ મને મળે ! ચતુરાઈ પાપ પ્રેરક છે , હોશિયારી પાપનું કારણ બની શકે! ભૂત પ્રેતની સાધના એટલે ચમત્કારો વાળી સાધના, અંધશ્રદ્ધા તંત્ર સાધનામાં પ્રવૃત્ત થાય એવી પતનની ગતિ મારી થાય. મેલી વિદ્યામાં ન જાવ, સદવિદ્યામાં પ્રવૃત્તિ રહો. આમ દુર્ગતિ દેનારા પાતક કોણ કોણ છે, તો તુલસી લખે છે, જે વેદને વેચશે, અને ધર્મનું શોષણ કરશે, જે બીજાના પાપોને જાહેર કરે છે, એટલે કે નિંદા કરે છે, પોતાના પાપ છુપાવે છે, અને એમની જે દુર્ગતિ થાય એવી મારી થાય. જે ગ્રંથનો પૂર્ણ ભાવે આશ્રય કરે છે, એને ગ્રંથ શું નથી આપતાં? પરંતુ ભરોસો હોવો જોઈએ. કપટી માણસની બુદ્ધિ બરાબર નથી હોતી! એ સૌ સાથે કંકાસ કલેશ કરે છે, અને એ દુર્ગતિનો માર્ગ છે. લોભીની દુર્ગતિ થાય, જેનાં આચરણમાં લુચ્ચાઈ છે, કપટ છે, એની દુર્ગતિ છે. જેની દ્રષ્ટિ પર પૈસા એટલે કે પારકા ધન ઉપર રહે છે, એ ઉપપાતક છે. પરનારી જોઈને જેની દ્રષ્ટિમાં વાંસના પ્રવેશ કરે છે, એ દુર્ગતિનું પ્રતિક છે, એ બધાની દુર્ગતિ થાય, એવી દુર્ગતિ મારી પણ થાય, જો મેં મારી માતાનાં નિર્ણયમાં સાથ આપ્યો હોય તો આમ ભરત કહે છે. તુલસી કહે છે, જેમણે સાધુ સંગમાં પ્રીત નથી કરી, એ બધા અભાગી છે, એમણે અવસર ખોયો છે, સાધુનાં સંગથી અપરાધમાંથી મુક્તિ મળે છે, પરમાર્થનાં માર્ગથી જે વિરુદ્ધ છે, એ અપરાધ કરે છે. સ્વાર્થનાં માર્ગમાં સંલગ્ન થવું, અને પરમાર્થના માર્ગથી વિરુદ્ધ જવું એ સૌથી મોટો અપરાધ છે. મનુષ્ય શરીર મળ્યું છે, અને હરિ ભજન કર્યું નહીં, તો અપરાધ થઈ રહ્યો છે, પણ ચિંતા કરવાની જરૂર નથી, ભજવાનું શરૂ કરી દઈએ.

### ધ્રુવે વિચાર કર્યો કે,હું વાત કહીશ તો પરંપરાથી માતાપિતાની નિંદા કર્યાનું પાપ લાગશે. ત્યાં એકદાસી એ આવી બનેલી બધી વાત કહી

# આનંદ અને ખુશી એવી વસ્તુઓ છે જે કદાચ આપણી પાસે ન હોય તો પણ આપણે બીજાઓને આપી શકીએ છીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ધ્રુવકુમાર રડતાં રડતાં સુનીતિ પાસે આવે છે. સુનીતિ પૂછે છે, બેટા, તને શું થયું? તું કેમ રડે છે. બાળક એક અક્ષર પણ બોલતો નથી, માત્ર રડે છે. સુનીતિ જાણે છે કે, મારો બાળક ડાહ્યો છે. તે મારી સ્થિતિ જાણે છે. સુનીતિનો દીકરો સુશીલ હતો.મા જેની સુનીતિ એનો દીકરો સુશીલ હોય જ. વંશમાં અનેક પેઢીનું પુણ્ય ભેગું થાય તો છોકરા ઉદાર બને.**

સૌને જય માતાજી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો રાજાએ ધ્રુવનો તિરસ્કાર કર્યો. મુખ ફેરવી લીધું. ધ્રુવજીને આશા હતીકે,પિતાજી જરૂર ગોદમાં લેશે ધ્રુવજીએ બે હાથ ઊંચા કર્યા છે. બાપુ મને ગોદમાં લો!ત્યાં તો સુરુચિ ધ્રુવકુમારને કહે છે, અહીંથી ચાલ્યો જા.રાજાની ગોદમાં બેસવાને તું લાયક નથી. અણમાનીતી રાણી સુનીતિનો પુત્ર છે. તું તારા પિતાની ગોદમાં નહીં બેસી શકે.ધ્રુવજી કહે છે,મા,હું મારા બાપુનો દીકરો નહીં? આ સાંભળ્યું કે સુરુચિએ મ્હેણું માર્યું, તારી મા રાણી નથી.રાણી તો હુંછું તારી મા તો દાસી છે.જો તને રાજાની ગોદમાં બેસવાની ઈચ્છા હોય તો વનમાં જા અને ઈશ્વરને પ્રસન્ન કરી મારા પેટે જન્મ માગ. ભગવાન પ્રસન્ન થયા પછી તારે ઘરે જન્મ લેવાની શું જરૂર હતી? પણ મૂર્ખ હતી એટલે આવું બોલે છે.

ધ્રુવકુમાર રડતાં રડતાં સુનીતિ પાસે આવે છે. સુનીતિ પૂછે છે, બેટા, તને શું થયું? તું કેમ રડે છે. બાળક એક અક્ષર પણ બોલતો નથી, માત્ર રડે છે. સુનીતિ જાણે છે કે, મારો બાળક ડાહ્યો છે. તે મારી સ્થિતિ જાણે છે. સુનીતિનો દીકરો સુશીલ હતો.મા જેની સુનીતિ એનો દીકરો સુશીલ હોય જ. વંશમાં અનેક પેઢીનું પુણ્ય ભેગું થાય તો છોકરા ઉદાર બને.

ધ્રુવે વિચાર કર્યો કે,હું વાત કહીશ તો પરંપરાથી માતાપિતાની નિંદા કર્યાનું પાપ લાગશે.ત્યાં એકદાસી એ આવી બનેલી બધી વાત કહી.

વાત સાંભળી સુનીતિના મનમાં થયું કે, સુરુચિનું મેં કાંઈ બૂરું કર્યું નથી. પણ મારી શોક્ય માટે મારા મુખમાંથી ખરાબ બોલ નીકળશે તો ધ્રુવના મનમાં કાયમના માટે વેરના સંસ્કાર પડશે, અને એના મનમાં હંમેશને માટે સુરુચિ પ્રત્યે વેરનું બીજ રોપાશે.

માતા સુનીતિ હોય તો બાળકને હજારો શિક્ષકો કરતાં પણ વધારે ભણાવી શકે છે.

સુનીતિ દુઃખના વેગને દબાવી ધીરજ ધારણ કરી. પછી કહે છે, તારી ઓરમાન માએ તને જે બોધ કર્યો છે તે ખોટો નથી. હું પણ તને એ જ બોધ કરું છું. બેટા,ભીખ માગવી હોય તો ભગવાન પાસે જ માગવી. મનુષ્ય પાસે માગશો ઘણું, ત્યારે આપશે ઓછું અને કોઈવાર તિરસ્કાર કે અપમાન પણ કરશે.માટે ઠાકોર જી પાસે જ માગવું. ભગવાન આપવા બેસે છે ત્યારે જીવ ઝીલી ન શકે એટલું આપે છે. બેટા, તારા ઉપર ભગવાન કૃપા કરશે, તને ગોદમાં લેશે. તારા સાચા પિતા પરમાત્મા છે. જીવ માત્રના સાચા પિતા પરમાત્મા છે. મેં તને નારાયણને સોંપ્યો છે. જે પિતા તારી સામે જોવા તૈયારનથી એ ઘરમાં રહેવામાં સાર નથી. આ ઘરમાં રહીશ તો તારી ઓરમાન મા તને હંમેશાં દુઃખ દેશે, એટલે તું રડીશ. રડીશ એટલે મને પણ દુઃખ થશે. તેથી તારી ઓરમાન માએ તને વનમાં જવાનું કહ્યું તે સાચું કહ્યું છે. તેમાં તારું કલ્યાણ છે. જો તું ઉત્તમની સમાન રાજ સિંહાસન પર બેસવા ઈચ્છતો હોય તો શ્રી ભગવાનનાં ચરણ કમળનું આરાધન કર. તું સ્વધર્મ પાલનથી પવિત્ર થયેલા તારા ચિત્તમાં પુરુષોત્તમ ભગવાનની સ્થાપના કર અને બીજા સઘળા નું ચિંતન છોડીને કેવળ તેમનું જ ભજન કર.

તું વનમાં જઈ ભગવાનનું ભજન કર. ત્યારે ધ્રુવજી કહે છે કે, મને આ ઘરમાં માન નથી તો તને પણ ક્યાં



માન છે? માટે આપણે બંને વનમાં જઈ ભજન કરીશું. સુનીતિ કહે છે,બેટા,હું સ્ત્રી છું.ભલે મારો પતિ મારો તિરસ્કાર કરે પણ મારાથી મારા પતિદેવનો ત્યાગ થઈ શકે નહીં.તું સ્વતંત્ર છે, પણ હું પરતંત્ર છું.મારા પતિને શોક્ય વહાલી છે તો એ શોક્યની પણ હું સેવા કરીશ.હું તને એકલો મોકલતી નથી.મારા આશીર્વાદ તારી સાથે છે. નારાયણ તારી સાથે છે.માટે વનમાં જઈ પરમાત્માનું આરાધન કર. નારાયણ તને જરૂર ગોદમાં લેશે.

જીવ અનુભવ કરતો નથી કે મારી સાથે ઈશ્વર છે.જીવ માત્રનાસાચા મિત્ર નારાયણ છે.ભગવાનવિચાર કરતા નથી કે,આ તવંગર છે કે ગરીબ છે,જ્ઞાની છે કે અભણ છે, મોટો છે કે નાનો છે.ભગવાન એક વિચાર કરે છે, તેને મારામાં પ્રેમ છે કે નહીં. પરમાત્માને પ્રેમથી પોકારો એટલે તે દોડતા આવે છે.

એકાંતમાં પ્રભુને તમારા દુઃખની કથા કહેજોને કરગરજો કે, ભગવાન આ પાપની આદત છૂટતી નથી. મારા પર કૃપા કરો. પ્રભુને આ પ્રમાણે પ્રાર્થના કરશો તો પ્રભુ જરૂર સાંભળશે.

બાળક જીવ વિચારમાં પડી જાય છેકે,શું મારા જેવા બાળને ભગવાન મળે?સુનીતિ કહે છે, કે મળે! ભગવાન વેશ જોતા નથી, ઉંમર જોતા નથી.માત્ર હૃદય જુએ છે. એ ભાષા નથી જોતા, માત્ર ભાવ જુએ છે. પ્રેમથી જે ઈશ્વરને પોકારે તેની સમક્ષ પરમાત્મા પ્રગટ થાય છે.

આતુરતા વગર ભગવાન મળતા નથી. આરતી પણ આર્ત બનીને ઉતારો.ઉપનિષદમાં ઈશ્વરે કહ્યું છે આ જીવ મારો પુત્ર છે.એ અમૃત નો પુત્ર જીવને મારી ગોદમાં લેવા હું તૈયાર છું;પણ તે મારી પાસે આવતો નથી.

શ્રીનાથજીનો ઊંચો કરેલો હાથ જોઈ એક વૈષ્ણવે તેઓને પૂછ્યું, હે શ્રીનાથજી બાબા, આપે એક હાથ ઊંચો કેમ રાખ્યો છે?

ત્યારે શ્રીનાથજીએ કહ્યું, મારાં બાળકો બધાં ભૂલી ગયાં છે. હું તેઓને ઊંચો હાથ કરીને રોજ બોલાવું છું; પણ તેઓ મારી પાસે આવતા નથી.

સુનીતિએ વિચાર કર્યો. બાળક મને તો વંદન કરેછે,પણ ઓરમાન માને સદભાવથી વંદન કરે તો તેનું કલ્યાણ થાય.કોઈપ્રત્યે દ્વેષ રાખી ઈશ્વર આરાધના કરવા જાય તો આરાધના સફળ ન થાય સુરુચિ માટે મનમાં અરુચિ રાખીને જાય, કુભાવ રાખીને જાય તો તેના નારાયણનું ધ્યાન નહીં કરે. સુરુચિનું ધ્યાન કરશે.એટલે સુનીતિ ધ્રુવને સમજાવે છે કે,તું મારો ડાહ્યો દીકરો છે. બેટા, તારું અપમાન થયું તે મને તારા પૂર્વજન્મના કોઈ કર્મનું ફળ લાગે છે. લાભહાનિ, સુખદુઃખ,માનઅપમાન આ બધા પૂર્વજન્મના કર્મોનું ફળ છે. જ્ઞાની હસતાં હસતાં એ સહન કરે છે. અજ્ઞાની રડતાં રડતાં એ સહન કરે છે. વાવ્યું તેવું મળે છે. માટે તારી ઓરમાન માને વડીલ સમજી વંદન કરીને એમના પણ આશીર્વાદ લઈ તું વનમાં જા. ભગવાન તારા પર જલદી પ્રસન્ન થશે.જે સુરુચિએ બાળકનું અપમાન કર્યું છે તેને વંદન કરવા સુનીતિ ધ્રુવને મોકલે છે. ધન્ય છે સુનીતિને! આનું નામ સુનીતિ. આવી સુનીતિ જેના ઘરમાં હોય તેના ઘરમાં કળિ જાય નહીં.

પાંચ વર્ષનો બાળક ધ્રુવકુમાર ઓરમાન માતા સુરુચિને વંદન કરવા આવે છે. સુરુચિ અક્કડમાં ગાદી ઉપર બેઠી છે. ધ્રુવજી તેને સાષ્ટાંગ વંદન કરે છે.પછી કહે છે મા, હું વનમાં જાઉં છું.તમારા આશીર્વાદ લેવા આવ્યો છું.

સુરુચિએ ઝટ ઝટ વિચાર કરી લીધો કે, જો ધ્રુવ અહીં રહેશે તો ઉત્તમના રાજ્યમાં ભાગ પડાવશે એટલે તે બોલી, બહુ સારું, જા મારા આશીર્વાદ છે.

બાળક વંદન કરે છે તો પણ સુરુચિના દિલમાં કાંઈ લાગણી થતી નથી. સ્વભાવને સુધારવો કઠણ છે. કારણ કે કસ્તૂરીની ક્યારી કરી, કેસરનું ખાતર નાખી ગુલાબજળની સિંચાઈ કરવામાં આવે તોયે ડુંગળી તો ડુંગળી જ રહેશે. સત્કર્મનું પુણ્ય અતિશય ન વધે ત્યાં સુધી સુધરે નહીં.માતા સુનીતિ પાંચ વર્ષના બાળકને વનમાં તપશ્ચર્યા કરવા મોકલે છે ત્યારે આજની માતાઓ બાળકો ને સિનેમા જોવા મોકલે છે!સિનેમા જોવાથી આંખ બગડે, શરીર બગડે,મન બગડે અને અંતે જીવન બગડે છે.પૈસા ખર્ચીને બધો બગાડ ખરીદવો એ કેવી વાત? આ હસવાની વાત નથી, રડવાની વાત છે. બાળક વંદન કરે છે તો પણ સુરુચિના દિલમાં કાંઈ લાગણી થતી નથી. સ્વભાવને સુધારવો કઠણ છે. કારણ કે કસ્તૂરીની ક્યારી કરી, કેસરનું ખાતર નાખી ગુલાબજળની સિંચાઈ કરવામાં આવે તોયે ડુંગળી તો ડુંગળી જ રહેશે. સત્કર્મનું પુણ્ય અતિશય ન વધે ત્યાં સુધી સુધરે નહીં.માતા સુનીતિ પાંચ વર્ષના બાળકને વનમાં તપશ્ચર્યા કરવા મોકલે છે ત્યારે આજની માતાઓ બાળકો ને સિનેમા જોવા મોકલે છે!સિનેમા જોવાથી આંખ બગડે, શરીર બગડે,મન બગડે અને અંતે જીવન બગડે છે.પૈસા ખર્ચીને બધો બગાડ ખરીદવો એ કેવી વાત? આ હસવાની વાત નથી, રડવાની વાત છે.

બાળક ચરિત્રહીન પાકે તો એમાં માતાનો વાંક,મૂર્ખ પાકે તો પિતા નો વાંક,કંજૂસ પાકે તો વંશનો વાંક અને દરિદ્ર પાકે તો બાળકનો પોતાનો વાંક સમજવો.

બે માતાઓના આશીર્વાદ મેળવી પાંચ વર્ષનો ધ્રુવકુમાર વનમાં જાય છે. મનમાં વિચારે છે કે, વનમાં વાઘ, વરુ મને મારશે તો નહીં ને? જવાબમાં એનું મન કહે છે, ના, ના. હું એકલો નથી. મારી માએ મને કહ્યું છે કે, તું જ્યાં જાય ત્યાં નારાયણ તારી સાથે છે.

### દાદા સાહેબ ફાળકે પરની ફિલ્મ હાલ સ્ક્રિપ્ટના કારણે અટકાવી દેવાઈ

## આમિર ખાને હિરાનીની ફિલ્મ માટે ફરી સ્ક્રીપ્ટ લખવા કહ્યું



આમિર ખાન અને રાજકુમાર હિરાનીએ જ્યારે તેઓ દાદા સાહેબ ફાળકે પર ફિલ્મ બનાવતા હોવાની જાહેરાત કરી ત્યારે તેઓ સમાચારોમાં છવાઈ ગયા હતા. ‘૩ ઈડિયટ્સ’ અને ‘પીકે’ જેવી જાણીતી ફિલ્મો આપી ચૂકેલી જોડી એક અન્ય હસ્તી પર ફિલ્મ બનાવતી હોવાથી ઘણા લોકો ઉત્સાહમાં આવી ગયા હતા. પરંતુ હવે એવા અહેવાલો છે કે દાદા સાહેબ ફાળકે પરની આ બાયોપિક હમણા પડતી મુકાઈ છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ‘‘રાજકુમાર હિરાની અને અભિજાત જોશી પાસેથી આમિરે દાદા સાહેબ ફાળકેની સ્ક્રિપ્ટ સાંભળી હતી. તેને લાગ્યું કે ફિલ્મમાં થિએટરમાં રિલીઝ કરવા માટેના તત્વો પુરતા પ્રમાણમાં નથી. તેની અપેક્ષા એવી હતી કે રાજુ અને અભિજાત તેમની દરેક ફિલ્મની જેમ આ ફિલ્મમાં પણ લાગણી અને ડ્રામાને લાફટર સાથે મિક્સ કરીને રજૂ કરશે. પરંતુ આમિરને ફિલ્મમાં કોમેડીની ખામી લાગી. તેનાથી આમિરના મનમાં પ્રશ્ન ખડા થયા છે. તેથી તેણે રાજુને ફરી સ્ક્રિપ્ટ લખવા કહ્યું છે.’’સુત્રએ આગળ જણાવ્યું કે, ‘‘રાજુ અને અભિજાત જોશી આમિર ખાનના આ પ્રતિસાદથી આંચકો લાગી ગયો છે. હવે તેઓ આગળ શું કરવું તે અંગે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમની ઈચ્છા તો ઓક્ટોબરથી ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દેવાની હતી. હવે તેઓ આવતા મહિને શૂટ શરૂ કરવાની સ્થિતિમાં નથી. હાલ બધું કામ અટકી પડ્યું છે અને આમિરે વધુ સ્ક્રિપ્ટ શોધવાની શરૂ કરી દીધી છે. તે ઈન્સ્ટ્રીમાં બધા પાસેથી સ્ક્રિપ્ટ સાંભળી રહ્યો છે.’’ હાલ તેની રાજકુમાર હિરાની અને લોકેશ કનગરાજ બંને સાથેની ફિલ્મ પડતી મુકાઈ ગઈ છે, તેથી તેણે નવું કામ શોધવાનું શરૂ કરી દીધું છે. હાલ બધું કામ અટકી પડ્યું છે અને આમિરે વધુ સ્ક્રિપ્ટ શોધવાની શરૂ કરી દીધી છે. તે ઈન્સ્ટ્રીમાં બધા પાસેથી સ્ક્રિપ્ટ સાંભળી રહ્યો છે.’’ હાલ તેની રાજકુમાર હિરાની અને લોકેશ કનગરાજ બંને સાથેની ફિલ્મ પડતી મુકાઈ ગઈ છે, તેથી તેણે નવું કામ શોધવાનું શરૂ કરી દીધું છે.

## અનીત પડ્ડાની નવી ફિલ્મ ફાતિમા અને અર્જુન માથુર સાથે

### તાજેતરમાં અનીતનો આશરે ૧૨-૨૩ વર્ષ પહેલાંનો એક વિડીયો પણ વાયરલ થયો હતો



અનીત પડ્ડા ‘સૈયારા’ ફિલ્મના કારણે જેન ઝીમાં છવાઈ ગઈ છે. જોકે, તે પોતે એક રોમાન્ટિક અભિનેત્રી તરીકે જ સ્થાપિત થવા માગતી નથી. આથી, તેણે હવે ‘સૈયારા’ કરતાં તદન અલગ રોલ ધરાવતી એક નવી ફિલ્મ સાઈન કરી છે. આ ફિલ્મ એક કોર્ટ રુમ ડ્રામા હશે. એક વગદાર બાબા દ્વારા શોષણનો ભોગ બનેલી મહિલા કાનૂની લડાઈ લડે છે તેવી વાર્તા આધારિત ફિલ્મમાં અનીત સાથે ફાતિમા સના શેખ અને અર્જુન માથુર સહિતના કલાકારો હશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અનીતનો આશરે ૧૨-૨૩ વર્ષ પહેલાંનો એક વિડીયો પણ વાયરલ થયો છે. આ વિડીયોમાં તે એક એન્યુલ પ્રોગ્રામમાં પરફોર્મન્સ કરતી જોવા મળે છે. ચાહકોએ આ વિડીયો જોયા બાદ તે એક જન્મજાત કલાકાર હોવાનું પ્રમાણપત્ર આપી દીધું છે.

## આજે ભારતમાં કોઈ પણ ફિલ્મ બનાવવી મુશ્કેલ : પરેશ રાવલ

### પરેશ રાવલની આવનારી ફિલ્મ ‘અજેય’ યુપીના સીએમ યોગી આદિત્યનાથના જિવન પર આધારીત છે



પરેશ રાવલની આવનારી ફિલ્મ ‘અજેય’ યુપીના સીએમ યોગી આદિત્યનાથના જીવન પર આધારીત છે. આ ફિલ્મ હવે રિલીઝ થઈ રહી છે. જોકે, તેના વિષયના કારણે આ ફિલ્મને તકલીફનો સામનો કરવો પડ્યો હતો. બોમ્બે હેઈકોર્ટે મંજુરી આપી ત્યાં સુધી સેન્સર બોર્ડે આ ફિલ્મને મંજુરીનું સર્ટીફિકેટ આપ્યું નહોતું.કોઈ સંવેદનશીલ વિષય હોય ત્યારે થોડા વિઘ્ન તો આવે જ છે, ત્યારે આજના સમયે રાજકીય વિષય પર ફિલ્મ બનાવવી કેટલી અઘરી છે, તે અંગે પરેશ રાવલે એક ઈન્ટરવ્યુમાં વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, ‘‘મને તો એવું લાગે છ કે, અત્યારે કોઈ પણ વિષય પર ફિલ્મ બનાવવી મુશ્કેલ છે. સોશિયલ મીડિયા કોઈ પણ ઉપર હાવી થઈ જાય છે, ક્યારેક યોગ્ય રીતે તો ક્યારેય ખરાબ રીતે. પરંતુ જો તમારી નિયત અને નીતિ સારી હશે, તમારી દાનત ખરાબ નહીં હોય તો અને જો ફિલ્મ ઈમાનદારીથી બનાવી હશે તો તમારે બીજા લોકો વિશે વિચારવાની જરૂર નથી. દરેક વ્યક્તિ શું ઈચ્છે છે તે હું ક્યારેય સમજી શકવાનો નથી. હું એવું જ બનાવી શકીશ, જે મને ગમે છે, તમે એ રીતે તમારા વિકલ્પો ઘટાડી શકો છો. યોગીજી જેવું પાત્ર હોય તો મામલો જરા ગડબડ થઈ જાય છે. સેન્સર બોર્ડ વધુ સાવચેત થઈ જાય છે.’’પરેશ રાવલે આગળ સેન્સરના વાંધા વિશે કહ્યું, ‘‘કોર્ટે તેમના વકીલને પૂછ્યું, તમે ફિલ્મ જોઈ છે કે પછી તે જેના પરથી બની છે, તે પુસ્તક વાંચ્યું છે? તમારે પહેલાં તમારું કામ કરવાની જરૂર હતી.’’ એમણે એવું કર્યુ નહોતું. ખબર નહીં કેમ, પણ સમજાતું નથી કે એ લોકો આવું કેમ કરતા હશે.’’ ’’પ રેશ રાવલે આગળ સેન્સરના વાંધા વિશે કહ્યું, ‘‘કોર્ટે તેમના વકીલને પૂછ્યું, તમે ફિલ્મ જોઈ છે કે પછી તે જેના પરથી બની છે, તે પુસ્તક વાંચ્યું છે? તમારે પહેલાં તમારું કામ કરવાની જરૂર હતી.’’ એમણે એવું કર્યુ નહોતું. ખબર નહીં કેમ, પણ સમજાતું નથી કે એ લોકો આવું કેમ કરતા હશે.’’

### સમગ્ર ફિલ્મનું કામ ૧૫ ઓક્ટોબરે પૂરું કરી દેવાનો ટીમનો વિચાર

## રણવીર સિંહ ‘ધુંઆધાર’નું શૂટ પૂરું કરી જાન્યુઆરીમાં ‘ડોન ૩’ શરૂ કરશે

રણવીર સિંહની આદિત્ય ધર સાથેની ફિલ્મ ‘ધુંઆધાર’નું શૂટિંગ પૂર જોશમાં ચાલે છે. રણવીર ફરી એક વખત આ ફિલ્મમાં ગંભીર રોલમાં જોવા મળશે. હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મનું કામ પૂરું થવાની તૈયારીમાં છે. હાલ ટીમનું આયોજન ૧૫ ઓક્ટોબર સુધીમાં બધું શૂટિંગ પૂરું કરવાનું છે.હાલ ‘ધુરંધર’નું શૂટિંગ પૂર જોશથી ચાલી રહ્યું છે, રણવીર સિંહ ઓક્ટોબરના પહેલા અઠવાડિયામાં રણવીર સિંહ તેનું બધું જ શૂટ પૂરું કરી દેશે. ફિલ્મની અન્ય કાસ્ટ બાકીના ૧૦ દિવસ આગળનું શૂટ કરશે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં શૂટ થઈ જશે. આ જ સાથે ફિલ્મનું એડિટીંગ પણ સમાંતર ચાલી રહ્યું છે. ફિલ્મનું લગભગ ૬૦ ટકા એડિટીંગ પણ થઈ ચૂક્યું છે. એવી અપેક્ષા છે કે કેટલાક ટેક્નિકલ સુધારા-વધારા સિવાય મોટા ભાગનું કામ ઓક્ટોબરના અંત સુધીમાં થઈ જશે અને ફિલ્મની પહેલી કોપી તૈયાર થઈ જશે. હવે પોસ્ટ પ્રોડક્શનની ટીમ ૫ ડિસેમ્બરે ‘ધુરંધર’ રિલીઝ કરવાની પુરી તૈયારીમાં છે. એવા અહેવાલો છે કે રણવીર સિંહ ઓક્ટોબરના અંતમાં જ ‘ડોન ૩’ની તૈયારીઓ શરૂ કરી દેશે. કારણ કે તે જાન્યુઆરીમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરવા માગે છે. તે પરહાન અખ્તર સાથે સ્ક્રિપ્ટ વાંચવાની શરૂ કરી દેશે. સાથે જ તે એક્શન ટીમ સાથે પણ કામ શરૂ કરી દેશે. કારણ કે આ ફિલ્મમાં રણવીરે ઘણી એક્શન અને ફાઈટિંગ સીન પણ કરવાના છે. આ ફિલ્મ માટે ભારત બહાર પણ વિવિધ સ્થળે શૂટિંગ કરવાનું છે. તો યુરોપ સહીત વિવિધ સ્થળો પર શૂટિંગ થશે. આ ફિલ્મમાં રણવીર સાથે ક્રિતિ સેનન પણ છે.

**ધુંઆધારમાં રણવીર સાથે ક્રિતિ સેનન પણ છે. ફિલ્મ માટે ફરહાન અખ્તરે જાણીતા એક્શન ડિરેક્ટરને પણ સાથે લીધા છે**



## રજનીકાંત અને કમલ હસનને એક સાથે લેવા મામલે ડિરેક્ટર હજુ અવઢવમાં



અમે રાજ કમલ અને રેડ જાયન્ટ્સ સાથે મળીને એક ફિલ્મ કરવાનું વિચારી રહ્યા છીએ : રજનીકાંત

### રજનીકાંતે ૪૬ વર્ષે કમલ હસન સાથે ફિલ્મ કરવા પર સ્પષ્ટતા કરી

સુપર સ્ટાર રજનીકાંત અને કમલ હસન ૪૬ વર્ષે એકસાથે ફિલ્મ કરશે, તે બાબતે ઘણા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. આ અંગે થોડાં વખત પહેલાં કમલ હસને સાથે કામ કરશે એવી વાત કરી હતી, પછી રજનીકાંતે પણ આ વાતને ટેકો આપ્યો હતો. પરંતુ હવે એવું લાગે છે કે ડિરેક્ટરે હવે આ બંનેને સાથે લઈને કોઈ વાર્તા ફાઈનલ કરી નથી. થોડાં વખત પહેલાં રજનીકાંતે એરપોર્ટ પરની એક વાતચીતમાં જણાવ્યું હતું કે તેઓ કમલ હસન સાથે ફિલ્મ કરશે અને રાજ કમલ ફિલ્મ્સ ઈન્ટરનેશનલ અને રેડ જાયન્ટ સાથે મળીને આ ફિલ્મને પ્રોડ્યુસ કરશે. જોકે, આ ફિલ્મના ડિરેક્ટરે હજુ આ અંગે કોઈ નિર્ણય લીધો નથી.રજનીકાંતે કહ્યું હતું, ‘‘અમે રાજ કમલ અને રેડ જાયન્ટ્સ સાથે મળીને એક ફિલ્મ કરવાનું વિચારી રહ્યા છીએ. જોકે, ડિરેક્ટરે હજુ કોઈ નિર્ણય લીધો નથી. અમારે બંનેને સાથે કામ કરવાની ઈચ્છા છે, પરંતુ તેના માટે અમારી પાસે યોગ્ય વાર્તા અને યોગ્ય પાત્રની જરૂરિયાત છે. જો એવું થયું, તો અમે ચોક્કસ સાથે કામ કરીશું.’’રજનીકાંતે આગળ એવું પણ કહ્યું હતું કે, ‘‘અમારો તો સાથે કામ કરવાનો વિચાર હતો જ, પ રંતુ ડિરેક્ટર, પાત્ર અને અન્ય બાબતો પર હજુ કશું નક્કી થયું નથી.’’ અગાઉ એવી પણ ચર્ચા હતી કે લોકેશ કનગરજ એક તમિલ ફિલ્મ બનાવશે, જેમાં આ બે મહાન કલાકારો સાથે જોવા મળશે. જોકે, હવે તેઓ ફિલ્મ ડિરેક્ટ કરતા હોય એવું લાગતું નથી. જો એવું થયું, તો અમે ચોક્કસ સાથે કામ કરીશું.’’રજનીકાંતે આગળ એવું પણ કહ્યું હતું કે, ‘‘અમારો તો સાથે કામ કરવાનો વિચાર હતો જ, પ રંતુ ડિરેક્ટર, પાત્ર અને અન્ય બાબતો પર હજુ કશું નક્કી થયું નથી.’’ અગાઉ એવી પણ ચર્ચા હતી કે લોકેશ કનગરજ એક તમિલ ફિલ્મ બનાવશે, જેમાં આ બે મહાન કલાકારો સાથે જોવા મળશે. જોકે, હવે તેઓ ફિલ્મ ડિરેક્ટ કરતા હોય એવું લાગતું નથી.

### દીપિકાએ માત્ર ૭ કલાક જ કામ કરવાની શરત પણ મુકી હતી

## ‘કલ્કિ’ની સિક્વલમાં દીપિકાની બાદબાકીનું કારણ જાહેર કરાયું

### દીપિકા પાદુકોણમાં કમિટમેન્ટનો અભાવ, વધુ ફી ઉપરાંત ૨૫ લોકોની ટીમ માટે ૫ સ્ટાર સુવિધા માગી હોવાની ચર્ચા

બોલિવૂડ એરક્ટ્રેસ દીપિકા પાદુકોણને પ્રભાસ અને અમિતાભ બચ્ચનની ‘કલકી ૨૮૯૮ એડી’માંથી ઓફિશીયલી દૂર કરવામાં આવી છે અને તેની સત્તાવાર રીતે જાહેરાત પણ કરવામાં આવી છે. આની પાછળ ફિલ્મના પ્રોડ્યુસર્સ સામે તેણે મુકેલી ગેરવ્યાજબી માગણીઓને જવાબદાર માનવામાં આવે છે. ૧૮ સપ્ટેમ્બરે ફિલ્મના મેકર્સ દ્વારા એક સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે, જેમાં કમિટમેન્ટ ઈશ્યુને જવાબદાર ગણાવીને આ પ્રકારની મોટા ગજાની ફિલ્મ માટે સંપુર્ણ જોડાણની જરૂર પડે છે, જેની તેમને દીપિકા પાદુકોણમાં ખામી લાગે છે.કેટલાક અહેવાલો અનુસાર દીપિકા પ ાદુકોણની ગેરવ્યાજબી માગણીઓને પણ આ નિર્ણય માટે જવાબદાર ગણાવામાં આવી છે. દીપિકાએ કામ કરવાની શરતો સાથે પોતાની ફી પણ વધારી દીધી છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ‘‘દીપિકા પ ાદુકોણે પહેલા ભાગમાં જે ફીમાં કામ કર્યુ હતું, બીજા ભાગમાં તેના કરતાં ૨૫ ટકા વધારો માગ્યો છે. એટલું જ નહીં, તેણે દૃ ઢતા પૂર્વક માત્ર ૭ કલાક જ કામ કરવાની શરત પણ મુકી હતી. કલકી જેવી ફિલ્મમાં વીએફએક્સનો વધુ પડતો ઉપયોગ હોય ત્યારે આટલા ઓછા કલાકમાં બધું પૂરું કરવામાં બજેટમાં નોંધપાત્ર વધારો કરવો પડે છે.’’સુત્રએ એવું પણ કહ્યું કે, ‘‘તેઓ સાત કલાકથી વધુ શૂટના કલાકારો દરમિયાન દીપિકાને એક વૈભવી વેનિટી વાન આપવા તૈયાર હતા. પરંતુ તેણે આ વાત માનવાથી ઈનકાર કરી દીધો હતો. ફિલ્મની ટીમે ફી બાબતે પણ વાટાઘાટો કરવાની કોશિશ કરી હતી, કારણ કે પ્રભાસે પણ આ રીતે ફી વધારો માગ્યો નથી. તેમાં પણ દીપિકા અને તેની ટીમે કોઈ સમાધાન કરવાનો ઈનકાર કરી દીધો હતો.’’દીપિકાને આ ફિલ્મમાંથી પડતી મુકવા બાબતે ઈન્ડસ્ટ્રીમાં વધુ કેટલીક ચર્ચાઓ ચાલી રહી છે. ફિલ્મની ટીમને દીપિ કાના ફી વધારા અને કામના કલાકોની શરતો ઉપરાંત અન્ય પણ પ્રશ્નો છે. દીપિકા લગભગ ૨૫ લોકોની ટીમ સાથે સેટ પર આવે છે. એ બધાને શૂટ દરમિયાન તેમની ફી ઉપરાંત ૫ સ્ટાર સુવિધાઓ, ભોજન અને આવવા જવાના ખર્ચ સહિતની સુવિધાઓ આપવી પડે છે. આ અંગે ઈન્ડસ્ટ્રીના સુત્ર જણાવે છે, ‘‘એક કલાકારની ફી ઉપરાંત તેમના રહેવા અને જમવાના ખર્ચ પ્રોડ્યુસર્સ શા માટે ઉઠાવે? આ એક એવી સમસ્યા છે, જેનો ઘણા હિન્દી ફિલ્મ પ્રોડ્યુસર્સ પણ ભોગ બની રહ્યા છે.’’પ્રોડ્યુસર્સે એક અન્ય મુદ્દો પણ ઉઠાવ્યો છે અને કહ્યું છે, કે દીપિકાને આગળ સ્પિરિટના મેકર્સ સાથે પણ આ જ મુદ્દે તકલીફ થઈ હતી. સુત્રોએ આ અંગે ખાતરીપૂર્વક વાત કરતા કહ્યું, ‘‘ફિલ્મ સફળ થઈ શકે તે માટે કલાકારોએ વધુ સાથ સહકાર આપ વાની જરૂર છે. સ્પિરિટમાં પણ આ જ પ્રશ્ન હતો, હવે કલકીમાં પણ આવું જ થયું.’’ પ્રોડ્યુસર્સના નિવેદનમાં જણાવાયું છે કે કલકી જેવી ફિલ્મ મોટા પાયે બની રહી હોય ત્યારે દરેકે સાથ સહકાર આપવો જોઈએ, તેમાં શિડ્યુલમાં બાંધ-છોડ અને વીએફએક્સની જરૂરિયાતોનો પણ સમાવેશ થાય છે.




### અમે જુના થઈ જઈએ છીએ પણ હિરો નહીં : શાન

### સિંગર શાન ખુશ છે કે ઇન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર તેના કેટલાંક જુના ગીતો નવી પેઢીને આજે પણ પસંદ પડી રહ્યા છે

## મને અને સોનુ નિગમને લોકો ૯૦ના દાયકાના ગણે, પણ શાહરુખને નહીં

સામાન્ય રીતે જુના કલાકારો નવા રીક્રિએશનથી ખુશ હોતા નથી પરંતુ બોલિવૂડ સિંગર શાન ખુશ છે કે ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર તેના કેટલાંક જુના ગીતો નવી પેઢીને આજે પણ પસંદ પડી રહ્યા છે. શાનના જુના ગીતો આજે પણ રીલ્સ અને સોશિયલ મીડિયાથી પોતાનું નવું ઓડિયન્સ શોધી રહ્યા છે, જેના માટે શાન બધાનો આભારી છે. છતાં તેને એક ફરિયાદ છે, તેને અને તેના સમયના ગાયક કલાકારોને ૯૦ના કલાકારો ગણાવાય છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં શાને આ અંગે વાત કરી હતી. શાન પોતાના ગીતોનું રીમીક્સ કે રીપ્રાઈઝ કરવામાં માનતો નથી, આ અંગે તેણે કહ્યું, ‘‘ટેક્નિકલ પ્રશ્ન એવો છે રે ગીતો માત્ર અમારા નથી હોતા. ગાયક તરીકે અમે માત્ર ગીતો ગાયા છે. એમના પર સંગીતકારોના અધિકાર છે. ખરેખર તો એ તેમના પણ નથી. મ્યુઝિક લેબલ ગીતોની માલિકી ધરાવે છે. જ્યાં સુધી મ્યુઝિક લેબલ મંજુરી ન આપે ત્યાં સુધી અમે કંઈ જ કરી શકતા નથી.’’લોકો તેને ૯૦ના દાયકાનો ગાયક ગણાવે છે, તે વાત શાનને ખટકે છે. તેણે કહ્યું, ‘‘ગાયકોને સમયના ચોકઠાંમાં પુરી દેવા યોગ્ય વાત નથી. તમે કોઈ ગાયકને કહો કે તમે ૯૦ના દાયકા જેવું ગીત ગાઓ છો, એ બરાબર નથી. આ એક વિચારધારા છે. જો ઉદિતજી આજે કોઈ નવું ગીત ગાય છે, તો લોકો કહેશે એ ગીત ૯૦ના જમાના જેવું લાગે છે. જ્યારે શઆન કે સોનું ગીત ગાય છે તો તેમને ૨૦૦૦ જેવું લાગે છે. પરંતુ જ્યારે શાહરુખ ખાન પઠાણ કરે છે, તો લોકો નથી કહેતા કે એ બાઝીગર કે રામજાને જેવી લાગે છે. પરંતુ આ જ માનસિકતા છે. અમને સમયના બંધનમાં બાંધી દેવાય છે, પણ હિરોને નહીં.’’



ખરેખર તો એ તેમના પણ નથી. મ્યુઝિક લેબલ ગીતોની માલિકી ધરાવે છે. જ્યાં સુધી મ્યુઝિક લેબલ મંજુરી ન આપે ત્યાં સુધી અમે કંઈ જ કરી શકતા નથી.’’લોકો તેને ૯૦ના દાયકાનો ગાયક ગણાવે છે, તે વાત શાનને ખટકે છે. તેણે કહ્યું, ‘‘ગાયકોને સમયના ચોકઠાંમાં પુરી દેવા યોગ્ય વાત નથી. તમે કોઈ ગાયકને કહો કે તમે ૯૦ના દાયકા જેવું ગીત ગાઓ છો, એ બરાબર નથી. આ એક વિચારધારા છે. જો ઉદિતજી આજે કોઈ નવું ગીત ગાય છે, તો લોકો કહેશે એ ગીત ૯૦ના જમાના જેવું લાગે છે. જ્યારે શઆન કે સોનું ગીત ગાય છે તો તેમને ૨૦૦૦ જેવું લાગે છે. પરંતુ જ્યારે શાહરુખ ખાન પઠાણ કરે છે, તો લોકો નથી કહેતા કે એ બાઝીગર કે રામજાને જેવી લાગે છે. પરંતુ આ જ માનસિકતા છે. અમને સમયના બંધનમાં બાંધી દેવાય છે, પણ હિરોને નહીં.’’

# કૃષિ યાંત્રિકીકરણ પ્રોત્સાહન આપવા ટ્રેક્ટર સહિતની મશીનરીની ખરીદી માટે રાજ્યના ૧,૯૨,૭૦૦થી વધુ ખેડૂતોને પૂર્વ મંજૂરી હુકમ અપાયા

## બજેટમાં ટ્રેક્ટર ખરીદી માટે ગત વર્ષની સરખામણીએ બમણી રૂ. ૮૦૦ કરોડ અને અન્ય મશીનરીની ખરીદી માટે બમણાથી પણ વધુ રૂ. ૫૯૦.૯૮ કરોડની જોગવાઈ

**। (માહિતી) નડિયાદ, તા.૧૯ ।**

ગુજરાતમાં કૃષિ યાંત્રીકીકરણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે માતબર રકમની સહાય જાહેર કરી છે. ભારત કૃષિ પ્રધાન દેશ છે, અને દેશના અર્થતંત્રને વેગવંતુ રાખવામાં ખેડૂતોનો ફાળો મહત્વપૂર્ણ છે. આજના ટેકનોલોજી આધારિત યુગમાં ખેતી માટે વપરાતા પશુ સંચાલિત સાધનો સહિતના સંસાધનનોનું સ્થાન હવે ટ્રેક્ટર, રોટાવેટર જેવા અદ્યતન મશીનરીએ લીધું છે. માનવશ્રમ ઘટાડતા આ સાધનોની બજાર કિંમત વધુ હોવાથી ખેડૂતોનો એક મોટો વર્ગ આ સાધનોની ખરીદી કરી શકતો નથી. જે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ અને કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે વિવિધ મશીનરીની ખરીદીમાં તમામ વર્ગના ખેડૂતોને નાણાંકીય સહાય આપવા વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

રાજ્યના બજેટમાંથી ખેડૂતોને મહત્તમ લાભ મળે તે માટે ચાલુ વર્ષે ગુજરાત સરકારે બજેટ જોગવાઈમાં અત્યારસુધીનો સર્વોચ્ચ વધારો કરીને ટ્રેક્ટરની ખરીદી માટે રાજ્યના ૮૦,૦૦૦ ખેડૂતોને સહાય આપવાના લક્ષ્યાંક સાથે રૂ. ૮૦૦ કરોડની નાણાકીય સહાય આપવાની જોગવાઈ મંજૂર કરી છે, જે ગત વર્ષની બજેટ જોગવાઈની સરખામણીએ બમણી છે. આ ઉપરાંત કંબાઈન હાર્વેસ્ટર, પાવર ટીલર તેમજ રોટાવેટર, ઓટોમેટીક ઓરણી, પ્લાઉ, થ્રેશર જેવા ટ્રેક્ટર સંચાલિત સાધનો માટે પણ બજેટમાં રૂ. ૫૯૦.૯૮ કરોડની જોગવાઈ મંજૂર કરવામાં આવી છે, જે ગત વર્ષની જોગવાઈની સાપેક્ષે બમણાથી પણ વધુ છે.

ખેડૂતોને ટ્રેક્ટરની ખરીદીમાં સહાયરૂપ થવા કૃષિ વિભાગ દ્વારા ૮૦,૦૦૦ ખેડૂતોના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં આશરે ૭૬,૦૦૦ જેટલા ખેડૂતોને પૂર્વ મંજૂરી હુકમ આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત વિવિધ ખેત ઓજારોની ખરીદી માટે પણ રાજ્યના ૧,૧૬,૭૦૦થી વધુ ખેડૂતોને ખેત ઓજારોની ખરીદી માટે પૂર્વ મંજૂરી આપવામાં આવી છે. આમ, ટ્રેક્ટર સહિતની વિવિધ મશીનરીની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા એકંદરે કુલ ૧,૯૨,૭૦૦થી વધુ ખેડૂતોને પૂર્વ મંજૂરી આપી દેવામાં આવી છે.

ગુજરાતના ખેડૂતોને આધુનિક અને યાંત્રિક ખેતી તરફ વાળવા માટે મશીનરીની ખરીદીમાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને દરેક તબક્કે સહાય પૂરી પાડવામાં આવે છે. કૃષિ વિભાગ તરફથી પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યમાં છેલ્લા દશ વર્ષમાં ટ્રેક્ટરની ખરીદી માટે ૩.૨૪ લાખથી વધુ લાભાર્થી ખેડૂતોને કુલ રૂ. ૧,૫૪૨ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેક્ટર સિવાયની અન્ય મશીનરીની ખરીદી માટે પણ છેલ્લા દશ વર્ષમાં ૩.૭૯ લાખથી વધુ લાભાર્થી ખેડૂતોને રૂ. ૧,૨૩૮ કરોડથી વધુ સહાય આપવામાં આવી છે. આમ, ગુજરાતના ખેડૂતોને છેલ્લા એક દાયકામાં મશીનરીની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા કુલ ૨,૭૮૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ખેડૂતોને વર્ષ ૨૦૧૧-૧૨થી જ ભારત સરકારે નિયત કરેલા ૪૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના ટ્રેક્ટરની ખરીદી પર તેની કુલ કિંમતના ૨૫ ટકા અથવા રૂ. ૪૫,૦૦૦ તેમજ ૪૦ પી.ટી.ઓ હોર્સ પાવરથી ૬૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના ટ્રેક્ટરની કિંમતના ૨૫ ટકા અથવા રૂ. ૬૦,૦૦૦ બંનેમાંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવતી હતી.

# અમદાવાદ પ્લેન ક્રેશ : બોઈંગ અને હનીવેલ કંપની પર USAમાં કેસ

**। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।**

જૂન, ૨૦૨૫માં બનેલી એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૭૧ની ભયાનક દુર્ઘટનામાં ૨૬૦થી વધુ લોકોનાં મોત થયા હતા. આ ઘટના માત્ર એક દુર્ઘટના નહોતી, પરંતુ સુરક્ષા પ્રણાલીઓમાં રહેલી ખામીઓનો ચોંકાવનારો પુરાવો હતી, જેને લીધે મૃતકોના પરિવારોએ હવે અમેરિકા સ્થિત વિમાન નિર્માતા કંપની 'બોઈંગ' અને વિમાનના પાર્ટ્સ બનાવતી કંપની 'હનીવેલ' સામે કાનૂની મુકદમો દાખલ કર્યો છે. આ કેસ ફક્ત નાણાકીય વળતર માટે નથી કરાયો, પણ કંપનીઓને તેમની જવાબદારીનું ભાન થાય અને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને એ માટેનો છે. પરિવારોના દાવા અનુસાર વિમાનના ઈંધણ સ્વીચોમાં ખામી રહેલી હતી. પ્રારંભિક તપાસમાં પણ જાણવા મળ્યું હતું કે, સ્વીચ 'રન'થી 'કટ-ઓફ' સ્થિતિમાં ખસી જતાં એન્જિનને જરૂરી ઈંધણ મળ્યું નહીં. પરિણામે વિમાનને મળતો થ્રસ્ટ બંધ થઈ ગયો અને વિમાન ધરાશાયી થઈ ગયું. આમ વિમાનની ડિઝાઈનમાં રહેલી ખામીને લીધે આ ઘાતક દુર્ઘટના સર્જાઈ હતી. ૨૦૧૮માં અમેરિકાની FAA(ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન)એ ઓપરેટરોને ઈંધણ સ્વીચના લોકીંગ મિકેનિઝમનું નિરીક્ષણ કરવાની સલાહ આપી હતી. પરંતુ, આ સલાહને ફરજિયાત બનાવવામાં આવી નહોતી. તેથી મૃતકોના પરિવારો આક્ષેપ કરે છે કે બોઈંગ અને હનીવેલે જોખમ જાણ્યા છતાં જરૂરી ફેરફાર કર્યા નહીં. એવું કહેવામાં આવે છે કે કંપનીઓએ ન તો એરલાઈન્સને પુરતી ચેતવણી આપી હતી, ન તો વિકલ્પ રૂપે નવા પાર્ટ્સ ઉપલબ્ધ કરાવ્યા હતા. કોર્ટ કેસ કરનાર પરિવારોનું કહેવું છે કે, બોઈંગ અને હનીવેલે વ્યવસાયિક લાભને પ્રાથમિકતા આપીને મુસાફરોની સલામતી સાથે સમાધાનકારી વલણ અપનાવ્યું હતું. સલામતીના મુદ્દે ગંભીર પગલાં ભરવાના બદલે તેમણે માત્ર એક આછીપાતળી સલાહ આપી દીધી હતી. તેમની આવી કોર્પોરેટ બેદરકારી હવે કાનૂની પડકાર રૂપે તેમના સામે ઊભી થઈ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં બોઈંગ સામે અનેક વિવાદ ઊભા થયા છે— જેમ કે ૭૩૭ મેક્સના ક્રેશ બનાવો. હવે એર ઈન્ડિયાના ૭૮૭ ડ્રીમલાઈનર ક્રેશથી આ કંપની પર ફરી આંગળીઓ ઊઠી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે એ પ્રશ્ન પણ ચર્ચામાં છે કે શું મોટી એરોસ્પેસ કંપનીઓ નિયમનકારી સંસ્થાઓ પર પ્રભાવ જમાવી પોતાની જવાબદારીમાંથી છટકી જાય છે? હવે એર ઈન્ડિયાના ૭૮૭ ડ્રીમલાઈનર ક્રેશથી આ કંપની પર ફરી આંગળીઓ ઊઠી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે એ પ્રશ્ન પણ ચર્ચામાં છે કે શું મોટી એરોસ્પેસ કંપનીઓ નિયમનકારી સંસ્થાઓ પર પ્રભાવ જમાવી પોતાની જવાબદારીમાંથી છટકી જાય છે? આ અકસ્માતે ભારતના એવિએશન સેક્ટરને પણ હચમચાવી દીધો છે. એર ઈન્ડિયા જેવી મોટી અને જૂની એરલાઈનના વિમાનોમાં આવી ખામીઓ હોવાથી એના પરના મુસાફરોના વિશ્વાસને ફટકો પડ્યો છે. આ અકસ્માત અંગેનો વિગતવાર અહેવાલ ૨૦૨૬માં આવવાનો છે. ત્યાં સુધી પરિવારોને ન્યાય માટે રાહ જોવી પડશે. આ કેસ એક વ્યવસ્થા સામેનો સવાલ છે કે, જ્યારે માનવ જીવનને સુરક્ષિત બનાવતી ટેક્નોલોજીમાં ખામી બહાર આવે, ત્યારે જવાબદાર કોણ ગણાય?

# ફર્ટીલિટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ કેમ્પ-૨૦૨૫ જિલ્લામાં જાતીય આરોગ્ય સારવાર કેમ્પ (FIP) દ્વારા ૧૬૩૬ પશુપાલકોના ૪૦૦૪ પશુઓની સારવાર કરવામાં આવી




**। (માહિતી) નડિયાદ, તા.૧૯ ।**

ખેડા જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારના જાતીય આરોગ્ય સારવાર કેમ્પ (FIP)નું આયોજન કરી કુલ ૧૬૩૬ જેટલા પશુપાલકોના ૪૦૦૪ પશુઓને વિના મુલ્યે વિવિધ રોગોની સારવાર કરવામાં આવી છે. ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા રાજયના વિવિધ જિલ્લા ખાતે આવેલી પશુપાલન ખાતાની કચેરીઓ, સંસ્થાઓ, જિલ્લા દૂધ ઉત્પાદન સંઘો અને ૧ફ્દ્ધ મારફતે રાજયના કુલ ૫૦૦૦ ગામે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ (FIP)નું આયોજન કરેલ છે.

જે પૈકી ખેડા જિલ્લામાં જિલ્લા દૂધ ઉત્પાદન સંધ દ્વારા ૧૭૨ કેમ્પ, જિલ્લા પંચાયત પશુપાલન સંસ્થાઓ દ્વારા ૫૨ કેમ્પ, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના દ્વારા ૨૦ કેમ્પ, ઘનિષ્ઠ મરઘાં વિકાસ નડિયાદ દ્વારા ૬ કેમ્પ, વિવિધલક્ષી પશુ ચિકિત્સાલય દ્વારા ૨ કેમ્પ, બળિયા નાબૂદી સંસ્થા દ્વારા ૨ અને ૧ફ્દ્ધ દ્વારા ૬ એમ કુલ ૨૬૦ કેમ્પ કરવાના થાય છે. આ યોજના હેઠળ પસંદ થયેલા પ્રત્યેક ગામમાં એક મુખ્ય કેમ્પ તથા બે ફોલો અપ કેમ્પ મળી કુલ ત્રણ કેમ્પ કરવાના થાય છે. ફર્ટીલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ કેમ્પ પશુપાલનમાં પશુઓની વંધ્યત્વ નિવારણ અને પ્રજનનક્ષમતા સુધારવા માટે યોજવામાં આવતો સારવાર કેમ્પ છે, જેમાં દુધાળા પશુઓની વંધ્યત્વ નિવારણ અને પ્રજનન ક્ષમતા સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ કેમ્પોમાં પશુચિકિત્સકો દ્વારા પશુઓની તપાસ કરવામાં આવે છે અને તેમને જરૂરી સારવાર આપવામાં આવે છે.

આ કાર્યક્રમો પશુપાલકોને આર્થિક રીતે મદદ કરે છે, કારણ કે પશુઓની પ્રજનન ક્ષમતામાં સુધારો થવાથી દૂધ ઉત્પાદનમાં વધારો થાય છે. આ પ્રકારના કેમ્પો દૂધાળા પશુઓની ઉત્પાદકતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. FIP કેમ્પનો મુખ્ય હેતુ ગામડાઓમાં બિન-ગર્ભિત અને ક્યારેય ગર્ભધારણ ન કરાયેલા દુધાળા પશુઓની સંખ્યા ઘટાડવાનો છે. ફર્ટીલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ કેમ્પ અંતર્ગત છેલ્લા બે માસમાં સમગ્ર જિલ્લામાં ૭૩ જેટલા જાતીય આરોગ્ય સારવાર કેમ્પ યોજવામાં આવ્યા છે, જેમાં પશુ ચીકીત્સા અધિકારીની ટીમ દ્વારા કુલ ૪૦૦૪ જેટલા ગાય-ભેંસ સંવર્ગનાં પશુની સારવાર કરવામાં આવી છે, જેમાંથી ૨૧૫૭ જેટલા પશુઓને જાતીય આરોગ્ય સારવાર તથા ૧૮૪૭ પશુઓને અન્ય પ્રકારના રોગની સારવાર આપવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ આ જ રીતે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ યોજવામાં આવશે જેનો જિલ્લાના પશુપાલકોએ લાભ લેવા માટે નાયબ પશુપાલન નિયામકશ્રી ડો. મનાતે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# માથાભારે આરોપીને પોલીસ દ્વારા સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું

**। (માહિતી) વડોદરા, તા.૧૯ ।**

વડોદરા શહેરના હરણી વારસીયા રીંગ રોડ પર આવેલા સવાદ ક્વાર્ટર્સમાં મિત્રને મળવા આવેલા ખોડીયાર નગરના યુવક સાથે જૂની અદાવતે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ચાર માથાભારે ઈસમો તેને માર માર્યા બાદ ચાકુના ઘા ઝીંકીને જીવલેણ હુમલો કરી ફરાર થઈ ગયા હતા. આ ચાર ઈસમોની વારસિયા પોલીસ દ્વારા ધરપકડ કરાઈ હતી અને આજે ચાર આરોપીઓને સવાદ ક્વોટસમાં લઈ જઈને સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરાયું હતું. વડોદરા શહેરના હરણી વારસિયા રિંગ રોડ પર આવેલા સ્વાદ ક્વાટર્સમાં ગૌરવ હરે રામસિંગ નામના યુવક પર નાણાની જુની અદાવતે ચાર શખ્સોએ હુમલો કર્યા ચાકુના ઘા ઝીંકી ફરાર થઈ ગયા હતા. ત્યારે વારસીયા પોલીસે યુવક પર હુમલો કરનાર સંકેત ઉર્ફે કાંચો અશોકભાઈ રાજ (રહે.પર આમ્રપાલી સોસાયટી વૈકુંઠ-૨ ની અંદર આજવા રોડ બાપોદ વડોદરા શહેર), સુમિત ઉર્ફે સ્ટફ નરેશભાઈ મકવાણા (રહે-૩૦૪, પામ્લ વ્યુ ફ્લેટ, સયાજીપુરા, બાપોદ વિસ્તાર, વડોદરા), નિતિશ ઉર્ફે બાબા દિનેશ સિંગ (રહે-૪૨૦ લક્ષ્મીનગર સોસાયટી, રઘુકુળ સ્કુલની પાછળ, આજવા રોડ, બાપોદ, વડોદરા, શહેર મુળ રહે.પોની હસનપુર ગામ તા.જી.વૈશાલી બિહાર રાજ્ય), વિશાલ હરીશભાઈ શ્રીમાળી (રહે.૮૧/એ પોલીસ કોલોની વારસીયા રીંગ રોડ વડોદરા શહેર) ને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### આ મામલે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે ગંભીર ગુનો નોંધાયા

# ગોધરાની મેટરનેટી હોસ્પિટલમાં માનવ તસ્કરી કાંડનો પર્દાફાશ : ૮ ઈસમો સામે નોંધાઈ પોલીસ ફરિયાદ




તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

**। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૯ ।**

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરમાંથી એક ચોંકાવનારી ઘટના બહાર આવી છે. ગોધરા શહેરના બામરોલી રોડ વિસ્તારમાં આવેલી દીપ મેટરનેટી અને ચિલ્ડ્રન હોમમાં માનવ તસ્કરીનો ખુલાસો થતાં જિલ્લામાં ચકચાર મચી ગઈ છે. આ મામલે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે ગંભીર ગુનો નોંધાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સમગ્ર કૌભાંડની શરૂઆત વડોદરા જિલ્લામાં થઈ હતી. પ્રાથમિક ફરિયાદ સાવલી પોલીસ મથકે નોંધાઈ હતી, પરંતુ બાદમાં ઝીરો નંબરથી ટ્રાન્સફર કરી કેસ ગોધરા એ ડિવિઝન પોલીસ મથકે દાખલ કરવામાં આવ્યો હતો.

**પૂર્વ સુનિયોજિત કાવતરું**

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે દીપ મેટરનેટી હોસ્પિટલના સ્ટાફ તેમજ સંચાલકો સાથે મળીને પૂર્વ સુનિયોજિત કાવતરું રચાયું હતું. એક અજાણી મહિલાની પ્રસુતિ હોસ્પિટલમાં કરાવવામાં આવી હતી. પ્રસુતિ બાદ મહિલાએ પોતાના બાળકીને ત્યજી દીધી હતી. ત્યારબાદ હોસ્પિટલના જ સ્ટાફે નવજાત બાળકી ને ગોધરા તાલુકાના એક ગામના ઈસમોને ગેરકાયદેસર રીતે સોંપી દીધી હતી.

આરોપીઓએ બાળકીનું ગેરકાયદેસર દત્તક કરાવવાની પ્રક્રિયા હાથ ધરતાં માનવ તસ્કરીનો ગુનો બન્યો હતો. પોલીસ અનુસાર આ સમગ્ર પ્રકરણ માત્ર બાળકી ને સોંપવામાં પૂરતું નહોતું, પરંતુ તેમાં ગેરકાયદેસર ખરીદી-વેચાણનો પણ સમાવેશ થતો હતો.

૮ ઈસમો સામે ગુનો, સંચાલકો પણ ફસાયા

આ સમગ્ર કૌભાંડમાં દીપ મેટરનેટી હોસ્પિટલના સ્ટાફ, અજાણી મહિલા, બાળકી ને ગેરકાયદેસર રીતે દત્તક લેતા તથા તેમાં સહભાગી બનેલા મળી કુલ ૮ ઈસમો સામે ગુનો નોંધાયો છે સાથે જ હોસ્પિટલના જવાબદાર સંચાલકો વિરુદ્ધ પણ પોલીસ ફરિયાદ નોંધાઈ છે, જેને પગલે શહેરમાં આરોગ્ય સંસ્થાઓ પ્રત્યે લોકોમાં શંકાનો માહોલ જોવા મળી રહ્યો છે.

**ખાનગી તબીબે કર્યો ભાંડાફોડ**

જન્મ બાદ બાળકી બીમાર પડતાં સારવાર માટે તેને ગોધરાની હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. બાદમાં વડોદરા શહેર તેમજ વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી વિવિધ ખાનગી હોસ્પિટલોમાં પણ બાળકીની સારવાર કરાવવામાં આવી હતી. આ દરમિયાન વડોદરાની ખાનગી હોસ્પિટલના એક તબીબને બાળકીની પૃષ્ઠભૂમિ અંગે શંકા થતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો.

**પોલીસની કડક કાર્યવાહી**

હાલ ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકની ટીમ દ્વારા તમામ આરોપીઓની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. પોલીસના સૂત્રોએ જણાવ્યું છે કે માનવ તસ્કરી જેવો ગંભીર ગુનો સમાજ માટે કલંક સમાન છે, તેથી આ કૌભાંડમાં સંડોવાયેલા તમામ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ બનાવે ગોધરા સહિત પંચમહાલ જિલ્લામાં આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોમાં ભારે ચકચાર મચાવી છે. નાગરિકોમાં પ્રશ્નો ઊઠી રહ્યા છે કે સુરક્ષા અને વિશ્વાસ માટે ઉભી કરાયેલી મેટરનેટી હોસ્પિટલોમાં જો આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હોય તો ગર્ભવતી મહિલાઓ અને નવજાત બાળકો કેટલા સુરક્ષિત છે

# સ્વસ્થ નારી – સશક્ત પરિવાર અભિયાન કિશોરીઓમાં માસિક ધર્મ સમયે સ્વચ્છતા અને સલામતી ખૂબ જરૂરી

**। (માહિતી) નડિયાદ, તા.૧૯ ।**

સ્વસ્થ નારી, સશક્ત પરિવાર એક સશક્ત વિચાર છે જે સમજાવે છે કે એક નારીના શારીરિક, માનસિક અને સામાજિક સ્વાસ્થ્યનું સંચાલન માત્ર તેની જાત માટે નહીં, પરંતુ સમગ્ર પરિવાર માટે મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ હેઠળ અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ સ્વસ્થ નારી – સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૫ દરમ્યાન વિશાળ જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અનુસંધાને ખેડા જિલ્લામાં પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અંગે મહિલાઓમાં જાગૃતિ આવે તે માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત કિશોરીઓ (૧૦ થી ૧૯ વર્ષ) ના સ્વાસ્થ્ય પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. જે સંદર્ભે કિશોરીઓમાં માસિક ધર્મ સમયે સ્વચ્છતા અને સલામતી ખૂબ જરૂરી છે અને તેની જાગૃતતા પણ ખૂબ જ અનિવાર્ય છે. માટે જ, કિશોરીઓને માસિક ધર્મ સમયે સુરક્ષિત વસ્તુઓનો યોગ્ય ઉપયોગ કઈ રીતે કરવો અને માસિક ધર્મ દરમિયાન કઈ વસ્તુઓનો ઉપયોગ ટાળવો જોઈએ તે અંગે માર્ગદર્શન આપવામાં આવશે. માસિક ધર્મના સમય દરમિયાન મહિલાઓને કોઈ પણ પ્રકારનું ઈન્ફ્કેશન (ચેપ) ના થાય તે માટે માસિક ધર્મ વખતે કપડાનો ઉપયોગ ના કરીને સેનેટરી પેડનો જ ઉપયોગ કરવા તેમજ સેનેટરી પેડનો યોગ્ય નિકાલ કરવા અંગે કિશોરીઓ તથા મહિલાઓને સેમિનાર યોજીને માર્ગદર્શન આ પોષણ માસ દરમિયાન આપવામાં આવશે. મહિલાઓ માસિક ધર્મ દરમિયાન આટલી કાળજી રાખે.. માસિક ધર્મ દરમિયાન વ્યક્તિગત સ્વચ્છતા જાળવવી ખૂબ જરૂરી છે. દર ૪- ૬ કલાકે સેનેટરી નૅપકીન બદલવા અનિવાર્ય છે. કારણકે લાંબા સમય સુધી એક જ પૅડ રાખવાથી ચેપ (ઈન્ફેક્શન) થઈ શકે છે. આ સમય દરમિયાન મહિલાઓએ સુગંધિત સોપ કે કેમિકલ આધારિત વોશનો વધારે ઉપયોગ ટાળવો જોઈએ. મહિલાઓએ માસિક ધર્મ દરમિયાન કપડાંની ખાસ કાળજી લેવી જોઈએ. મહિલાઓએ ખુલ્લા અને આરામદાયક કોટનના કપડાં પહેરવા જોઈએ અને ભીના કપડાં લાંબા સમય સુધી ન પહેરવા જોઈએ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો. આજે તમારી નજીક ના લોકો તમારી નજીક આવવા નો પ્રયત્ન કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ તમને બેચેન કરી નાખે એવું જણાય છે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજનો દિવસ એવો દિવસ છે જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આજે તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કારણ કે આજે તમારા પ્રેમી-પ્રેમિકા આગાહી ન કરી યસક્યા એવા મૂડમાં હશે.

**તુલા (ર,ત) :**

આજે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લઈ ને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કેમ કે આજે તમારૂં પ્રિયપાત્ર જલ્દીથી નારાજ થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે વ્યસ્તતા હોવા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે ધ્યાન રાહત લાવશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે.

## GST સુધારાથી અર્થતંત્રમાં રૂ.૨ લાખ કરોડ ઠલવાશે : નાણાંમંત્રી

। (એજન્સી) વિશાખાપટ્ટનમ, તા.૧૯ ।

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને બુધવારે જણાવ્યું હતું કે આગામી પેઢીના GST સુધારાઓથી દેશના અર્થતંત્રમાં ૨૨ લાખ કરોડની જંગી રકમ ઠલવાશે. અગાઉ ટેક્સમાં જતા હતાં તે નાણા હવે લોકોના હાથમાં રહેશે અને તેઓ તેનો ખર્ચ કરી શકશે.નેક્સ્ટ જનરેશન જીએસટી સુધારાઓ અંગેના આઉટરીચ એન્ડ ઈન્ટરેક્શન કાર્યક્રમને સંબોધતા નાણાપ્રધાને જણાવ્યું હતું કે આ સુધારાઓ પછી ૧૨ ટકા જીએસટી સ્લેબ હેઠળની ૯૯ ટકા વસ્તુઓ પર હવે પાંચ ટકા ટેક્સ લાગુ પડશે. આ ઉપરાંત ૨૮ ટકા ટેક્સ સ્લેબ હેઠળની ૯૦ ટકા વસ્તુઓ પર હવે ૧૮ ટકા ટેક્સ લાગુ પડશે. આગામી પેઢીના ટેક્સ સુધારાથી ૫ ટકા અને ૧૮ ટકા એમ માત્ર બે ટેક્સ સ્લેબ રહેશે. તેનાથી અર્થતંત્રમાં આશરે ૨૨ લાખ કરોડ ઠલવાશે. લોકો પાસે વધુ રોકડ રકમ રહેશે. જીએસટી કાઉન્સિલ સહકારી સંઘવાદનું એક ઉત્તમ ઉદાહરણ છે અને તે સ્વતંત્રતા પછી બનાવવામાં આવેલી એકમાત્ર બંધારણીય સંસ્થા છે.સીતારામને જણાવ્યું હતું કે જીએસટીનો ૨૦૧૮માં અમલ કરવામાં આવ્યો ત્યારે તેની આવક ૭.૧૯ લાખ કરોડ હતી, જે ૨૦૨૫માં વધી ૨૨.૦૮ લાખ કરોડ થઈ હતી. કરદાતાની સંખ્યા પણ અગાઉની ૬૫ લાખથી વધીને ૧.૫૧ કરોડ થઈ છે. તેમણે જણાવ્યું હતું કે કેટલીક અગ્રણી FMCG કંપનીઓ સહિત ઘણી કંપનીઓ સ્વેચ્છાએ ૨૨ સપ્ટેમ્બર પહેલા જ ભાવમાં ઘટાડો કરીને ગ્રાહકોને લાભ આપવાનું ચાલુ કર્યું છે.અગાઉની યુપીએ સરકારની કરપ્રણાલીને ટેક્સ ટેરરિઝમ ગણાવીને તેમણે જણાવ્યું હતું કે એક રાષ્ટ્ર-એક કરના વિઝનના ભાગ રૂપે GSTના અમલમાં ઘણી કવાયત કરવામાં આવી છે. યુપીએ સરકારનું ૧૦ વર્ષ સુધી શાસન હતું. પરંતુ જીએસટી લાવી શકી ન હતી. યુપીએ સરકાર રાજ્યોને જીએસટી વિશે મનાવી શકી ન હતી.

### ઇ૨૦ પેટ્રોલ વાહનો માટે સલામત હોવાનો દાવો

## ઇથેનોલવાળા પેટ્રોલથી એન્જિનને નુકસાન થતું હોવાનો દાવો કેન્દ્ર સરકારે ફગાવ્યો

**ભારત કુલ ઉર્જા જરૂરિયાતના ૮૮ ટકાની આયાત કરે છે ત્યારે સ્વચ્છ ઉર્જા અને જૈવિક ઇંધણનો ઉપયોગ જરૂરી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ઓઈલ મંત્રી હરદીપસિંઘ પુરીએ મંગળવારે જૈવિક ઈંધણ ના કારણે ઓટોમોબાઈલ એન્જિનને નુકસાન થતું હોવાના દાવાને ફગાવી દીધા હતા અને જણાવ્યું હતું કે ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનો ઉપયોગ કરવો તે પર્યાવરણની રીતે સલામત છે. પુરીએ સેમિનારમાં જણાવ્યું હતું કે જૈવિક ઈંધણ વાહનો માટે નુકસાનકારક હોવાની ફરતી વાતો તદ્દન ખોટી અને વાહિયાત છે.

પેટ્રોલમાં મિશ્રિત કરવામાં આવતું ૨૦ ટકા ઈથેનોલ શેરડી કે ખાદ્ય પદાર્થમાંથી મેળવવામાં આવે છે, જેનો ઉપયોગ સલામત છે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે દેશના લગભગ ૯૦ હજારથી પણ વધારે પેટ્રોલ પમ્પ ઈ૨૦ પેટ્રોલનું વેચાણ કરે છે. તેમા ૮૦ ટકા પેટ્રોલ અને ૨૦ ટકા ઈથેનોલ હોય છે. કેટલાક મોટરિસ્ટોએ ફરિયાદ કરી છે કે તેના લીધે જૂના વાહનો પર અસર પડે છે.

આ પ્રકારે ચાલતી ગૂંચવણમાં કાર ઉત્પાદકોએ તેમ કહીને ઉમેરો કર્યો હતો કે ઈ૨૦ ફયુઅલ જૂના વાહનોમાં ચાલે કે નહીં તેની ચકાસણી થઈ નથી, પરંતુ તેના પછી તેઓએ પારોઠના પગલાં ભરતાં જણાવ્યું હતું કે તેનો ઉપયોગ સલામત છે.

પુરી અને તેમના મંત્રાલયે ઈ૨૦ પેટ્રોલ અંગેના ડરના પાયાવિહીન ગણાવ્યો હતો, પરંતુ જણાવ્યું હતું કે જૂના વાહનોએ થોડા રબર પાર્ટસ બદલવા પડશે અને ગાસ્કેટ્સ બદલવી પડશે જે સરળ પ્રક્રિયા છે.

પુરીએ મંગળવારે જણાવ્યું હતું કે ૨૦૧૪ સુધીમાં દેશમાં ઈથેનોલ મિશ્રિત પેટ્રોલની ટકાવારી ૧.૪ ટકા હતી. હવે તેમા આ ટકાવારી વધારીને ૨૦ ટકા સુધી લઈ જવાઈ છે. અમે હાલમાં તેમાં કોઈ મોટો વધારો કરવાનું આયોજન ધરાવી રહ્યા નથી. મંત્રાલયોમાં આ ટકાવારી વધારીને ૨૭ ટકા કે ૩૦ ટકા સુધી લઈ જવાની વિચારણા ચાલી રહી છે, પણ આ બધું ફક્ત વિચારણા છે હાલના તબક્કે સરકાર આ ૨૦ ટકાથી આગળ વધવાનું કોઈ આયોજન ધરાવતી નથી. તેની અસરોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

### તેનું આ નિવેદન યુએઈ સામે ૪૧ રનોથી જીત બાદ આવ્યું, પાકિસ્તાન ટુર્નામેન્ટના આગલા રાઉન્ડમાં પહોંચી ગયું છે

## મિડલ ઓવરમાં બેટિંગને વધુ મજબૂત કરવાની જરૂર

। (એજન્સી) દુબઈ, તા.૧૯ ।

ભારત વિરુદ્ધ એશિયા કપ સુપર-૪ મેચ પહેલા પાકિસ્તાની કેપ્ટન સલમાન અલી આગાએ પોતાની ટીમને મિડલ ઓવરમાં બેટિંગને વધુ મજબૂત કરવાની અપીલ કરી છે. તેનું આ નિવેદન યુએઈ સામે ૪૧ રનોથી જીત બાદ આવ્યું છે. આ જીત સાથે જ પાકિસ્તાની ટીમ ટુર્નામેન્ટના આગલા રાઉન્ડમાં પહોંચી ગઈ છે, પરંતુ ટીમની બેટિંગની પોલ ખુલી ગઈ છે. મેચ પછી આગાએ કહ્યું કે, અમે કામ તો પૂરું કરી લીધું, પરંતુ અમારે મિડલ ઓવરોમાં વધુ સારી બેટિંગ કરવાની જરૂર હતી. બોલરોએ સારું પ્રદર્શન કર્યું. અમે હજુ અમારી શ્રેષ્ઠ બેટિંગ નથી કરી શક્યા. જો અમે સારું રમ્યા હોત, તો અમે ૧૭૦-૧૮૦ રન બનાવી શક્યા હોત. શાહીન મેચ વિનર છે, તેની બેટિંગમાં સુધારો થયો છે. અબરાર શાનદાર રહ્યો છે, તે અમને ગેમમાં વાપસી કરાવી રહ્યો છે. અમે કોઈપણ પડકાર માટે તૈયાર છીએ. જો અમે સારું ક્રિકેટ રમીએ, તો અમે કોઈપણ ટીમ સામે મજબૂત બની શકીએ છીએ. પાકિસ્તાને યુએઈ સામે ૧૪૬/૯ રન બનાવ્યા હતા, જેમાં શાહીન શાહ આફ્રિદીએ ૧૪ બોલમાં અણનમ ૨૯ રન બનાવીને સ્કોરને સન્માનજનક બનાવ્યો હતો. જોકે, ટોપ અને મિડલ ઓવર ફરી એકવાર નિષ્ફળ ગયા. સૈમ અયુબ ત્રણ મેચમાં ખાતુ નહોતું ખોલી શક્યો, જ્યારે આગા પણ મિડલ ઓવરોમાં સારું પ્રદર્શન ન કરી શક્યો. કેપ્ટને ભાર મૂકીને કહ્યું કે, ૭ થી ૧૫ ઓવર વચ્ચે બેટિંગને મજબૂત બનાવવી ખૂબ મહત્વપૂર્ણ છે, જેના કારણે અમારી ટીમ વારંવાર ઓછા સ્કોર સુધી મર્યાદિત રહી છે. અમે કોઈ પણ પડકાર માટે તૈયાર છીએ. અમે બસ સારું ક્રિકેટ રમવા માગીએ છીએ, જેવું અમે છેલ્લા કેટલાક મહીનાઓથી રમી રહ્યા છીએ. ભારત સામેની આગામી મેચ ખૂબ જ રસપ્રદ બનશે. ભારતે બંને ટીમો વચ્ચેની છેલ્લી ગ્રુપ સ્ટેજ મેચ સાત વિકેટથી જીતી હતી, પરંતુ મેચ પછી ભારતીય ટીમ દ્વારા હાથ ન મિલાવવાની ઘટના ચર્ચામાં રહી હતી. આ વિવાદ આ વર્ષે પહલગામ આતંકવાદી હુમલા સાથે જોડાયેલા રાજનીતિક તણાવો સાથે જોડવામાં આવ્યો. નો હેન્ડશેક વિવાદ એ પહેલાથી જ કાંટાની ટક્કરને વધુ હવા આપી છે. હવે બંને ટીમો સુપર-૪માં છે, તેથી મેચ વધુ રોમાંચક બની ગઈ છે.

### નીરજ ચોપરા અને સચિન યાદવ બહાર

## વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતનું મેડલ જીતવાનું સપનું તૂટ્યું

**નીરજ આઠમાં સ્થાન પર રહ્યો છે. તેનો બેસ્ટ થ્રો ૮૪.૦૩ મીટર (બીજા પ્રયાસ) રહ્યો : સચિન ચોથા નંબર પર રહ્યો**



। (એજન્સી) ટોક્યો, તા.૧૯ ।

ટોક્યોમાં ચાલી રહેલા વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં મેન જૈવલિન થ્રો ફાઈનલમાં નીરજ ચોપરા ખાસ પ્રદર્શન ન કરી શક્યો. નીરજ આઠમાં સ્થાન પર રહ્યો છે. તેનો બેસ્ટ થ્રો ૮૪.૦૩ મીટર (બીજા પ્રયાસ) રહ્યો. નીરજ સિવાય ભારતના સચિન યાદવે પણ ભાગ લીધો હતો. સચિને સારું પ્રદર્શન કર્યું અને ચોથા નંબર પર રહ્યો. સચિનનો બેસ્ટ થ્રો ૮૬.૨૭ મીટર રહ્યો, જે તેમનું પર્સનલ બેસ્ટ પણ છે. ત્રિનિદાદ એન્ડ ટોબૈગોના કેશોર્ન વોલ્કોટ (૮૮.૧૬ મીટર)એ ગોલ્ડ મેડલ જીત્યો છે. પાકિસ્તાની અરશદ નદીમ દસમાં સ્થાન પર રહ્યો.

અરશદ નદીમનો પહેલો થ્રો ૮૩.૭૩ મીટરનો રહ્યો. જ્યારે બીજો પ્રયાસ તેમનો ફાઉલ રહ્યો. અરશદનો ત્રીજો પ્રયાસ ૮૨.૭૫ મીટર રહ્યો, જ્યારે પાકિસ્તાની એથ્લેટનો ચોથો પ્રયાસ ફાઉલ રહ્યો. નીરજ ચોપરાનો પહેલો પ્રયાસ ૮૩.૬૫ મીટર રહ્યો અને બીજો પ્રયાસ ૮૪.૦૩ મીટર રહ્યો, જ્યારે ત્રીજો અટેમ્પ્ટ ફાઉલ અને પાંચમો અટેમ્પ્ટ ફાઉલ રહ્યો. નીરચનો ચોથો અટેમ્પ્ટ ૮૨.૮૬ મીટર રહ્યો. અરશદ નદીમનો પહેલો થ્રો ૮૩.૭૩ મીટરનો રહ્યો. જ્યારે બીજો પ્રયાસ તેમનો ફાઉલ રહ્યો. અરશદનો ત્રીજો પ્રયાસ ૮૨.૭૫ મીટર રહ્યો, જ્યારે પાકિસ્તાની એથ્લેટનો ચોથો પ્રયાસ ફાઉલ રહ્યો. નીરજ ચોપરાનો પહેલો પ્રયાસ ૮૩.૬૫ મીટર રહ્યો અને બીજો પ્રયાસ ૮૪.૦૩ મીટર રહ્યો, જ્યારે ત્રીજો અટેમ્પ્ટ ફાઉલ અને પાંચમો અટેમ્પ્ટ ફાઉલ રહ્યો. નીરચનો ચોથો અટેમ્પ્ટ ૮૨.૮૬ મીટર રહ્યો. ભારતના જ સચિન યાદવે પહેલો થ્રો ૮૬.૨૭ મીટરનો કર્યો, જ્યારે બીજો અટેમ્પ્ટ ફાઉલ રહ્યો, જ્યારે ત્રીજો પ્રયાસ ૮૫.૭૧ મીટરનો હતો. સચિનનો ચોથો પ્રયાસ ૮૪.૯૦ મીટરનો રહ્યો, જ્યારે છેલ્લા બે પ્રયાસ ક્રમશઃ ૮૫.૯૬ મીટર અને ૮૦.૯૫ મીટર રહ્યા. ત્રીજા પ્રયાસ બાદ બે એથલીટ્સ એલિમિનેટ થયા. જ્યારે ચોથા પ્રયાસબાદ વધુ બે એથલેટ્સને એલિમિનેટ થવું પડ્યું. ચોથા પ્રયાસ બાદ અરશદ નદીમ એલિમિનેટર થયા. જ્યારે પાંચમાં પ્રયાસ બાદ નીરજ ચોપરાને પણ એલિમિનેટ થવું પડ્યું.

## પાકિસ્તાનની ‘નકલી ફૂટબોલ ટીમ’ને જાપાને કાઢી મૂકી!

। (એજન્સી) સિયાલકોટ, તા.૧૯ ।

એક તરફ એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચ વખતે પાકિસ્તાનની ટીમને શરમજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો, તેની ચર્ચા વિશ્વભરના મીડિયામાં છે. આ દરમિયાન ફરી એક વાર પાકિસ્તાનને શરમજનક સ્થિતિમાં મૂકાવું પડ્યું છે. વાત એવી છે કે, પાકિસ્તાનના કેટલાંક શખ્સોએ જાપાન જવા માટે એક આખી નકલી ફૂટબોલ ટીમ બનાવી દીધી હતી. આ લોકોએ ખેલાડીઓના રૂપમાં વિઝા મેળવીને જાપાન પહોંચી ગયા હતાં. જોકે જાપાનીઝ ઈમિગ્રેશન અધિકારીઓને શંકા થતા આખો ભેદ ખુલી ગયો હતો. આ ઘટનાને માનવ તસ્કરીનો પ્રયાસ માનવામાં આવી રહી છે. પ્રાથમિક માહિતી મુજબ પાકિસ્તાનના કેટલાંક લોકો ફૂટબોલ ખેલાડી તરીકેના નકલી ડોક્યુમેન્ટ લઈને જાપાન ગયા હતા અને તેમણે ખુદને સિયાલકોટની ફૂટબોલ ટીમનો હિસ્સો હોવાનું કહ્યું હતું. પાકિસ્તાનની ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ જણાવ્યું કે કુલ ૨૨ સભ્યો નકલી ફૂટબોલ ટીમનો હિસ્સો હતાં, જે સિયાલકોટ એરપોર્ટથી જાપાન ગયા હતા. જાપાનના અધિકારીઓને ડોક્યુમેન્ટ દ્વારા ખબર પડી કે આખી ફૂટબોલ ટીમ નકલી છે, ત્યાર પછી જાપાની ઓથોરિટીએ પાકિસ્તાનની નકલી ફૂટબોલ ટીમને દેશમાં હાંકી કાઢી હતી.

## હું તમામ ધર્મનું સન્માન કરું છું : સીજેઆઈ ગવઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ખજૂરાહોના પ્રસિદ્ધ જાવરી મંદિરમાં ભગવાન વિષ્ણુની ખંડિત મૂર્તિના સમારકામ માટે નોંધવામાં આવેલી અપીલ પર સુનાવણી કરતાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બી.આર. ગવઈએ એક ટિપ્પણી કરી હતી. જેને લઈને સોશિયલ મીડિયા પર વિવાદ સર્જાયો હતો. વિશ્વ હિન્દુ પરિષદ જેવા સંગઠને ચીફ જસ્ટિસને સલાહ પણ આપી હતી કે, વાણી પર સંયમ રાખવો જોઈએ. આ મામલે વિવાદ વધતાં અંતે ચીફ જસ્ટિસે સ્પષ્ટતા કરવી પડી છે. ચીફ જસ્ટિસ બીઆર ગવઈએ સ્પષ્ટતા આપી છે કે, મારૂ નિવેદન સોશિયલ મીડિયા પર ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે. કોઈએ મને બીજા દિવસે જણાવ્યું કે, મારી ટિપ્પણી સોશિયલ



મીડિયા પર શેર થઈ રહી છે. હું તમામ ધર્મોનું સન્માન કરુ છું.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ આ મામલે સ્પષ્ટતા આપી છે કે, હું ચીફ જસ્ટિસ બીઆર ગવઈને છેલ્લા ૧૦ વર્ષથી ઓળખું છું. તેઓ દરેક ધાર્મિક સ્થળની મુલાકાત લે છે, અને તમામનું આદર કરે છે. સિનિયર વકીલ કપિલ સિબ્બલ પણ ઉપસ્થિત હતા, તેમણે કહ્યું કે, આ પ્રકારની ચીજોનો સામનો આપણે રોજિંદા જીવનમાં કરીએ છીએ. આ રીતે કોઈને બદનામ કરી શકાય નહીં. ઉલ્લેખનીય છે કે, મૂર્તિના સમારકામની માગ કરતી અરજી પર સુનાવણી કરતાં ચીફ જસ્ટિસે અરજદારની ઝાટકણી કાઢતા કહ્યું હતુ કે, તમારી અરજી PIL નથી, પરંતુ પ્રચાર અરજી છે. જો તમે ભગવાન વિષ્ણુના કટ્ટર ભક્ત છો, તો ફરી તેમને પ્રાર્થના કરો. તેમની આ ટિપ્પણી સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ હતી. જે વિવાદનું કારણ બની હતી. વિશ્વ હિન્દુ પરિષદે આ વિવાદમાં ઝંપલાવતાં ચીફ જસ્ટિસને પત્ર લખી સલાહ આપી હતી. સંગઠનના કાર્યકારી અધ્યક્ષ આલોક કુમારે લખ્યું હતું કે, ગઈકાલે સુપ્રીમ કોર્ટમાં ખજૂરાહોના પ્રસિદ્ધ જાવરી મંદિરમાં સ્થિત ભગવાન વિષ્ણુની ખંડિત મૂર્તિના સમારકામ માટે અરજી પર સુનાવણી થઈ રહી હતી.

## અમેરિકા ટૂંક સમયમાં ૨૫ ટકા ટેરિફ પેનલ્ટી હટાવી શકે છે

**ભારતના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને આશા વ્યક્ત કરી છે કે અમેરિકા વધારાના ટેરિફ દૂર કરી શકે છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલ ૫૦% ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે અને ટ્રમ્પ દ્વારા રશિયન તેલ ખરીદી પર લાદવામાં આવેલ ૨૫% ટેરિફને હટાવી શકાય છે. મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને ગુરુવારે આ આશા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકા ટૂંક સમયમાં ભારતીય માલ પરનો વધારાનો ટેરિફ દૂર કરી શકે છે અને પારસ્પરિક ટેરિફ ઘટાડીને ૧૦થી ૧૫% કરી શકે છે. સીઈએએ ભારત-અમેરિકા વેપાર કરાર પર પ્રગતિનો પણ સંકેત આપ્યો હતો. કોલકાતામાં એક કાર્યક્રમમાં બોલતા સીઈએ નાગેશ્વરને કહ્યું કે તેમને અપેક્ષા છે કે આગામી ૮થી ૧૦ અઠવાડિયામાં ટેરિફનો મુદ્દો ઉકેલાઈ જશે. તેમણે કહ્યું, “મને વિશ્વાસ છે કે આગામી થોડા મહિનામાં ઓછામાં ઓછા ૨૫% વધારાના ટેરિફનો ઉકેલ મળી જશે.” બિઝનેસ ટુડેમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, નાગેશ્વરને વધુમાં જણાવ્યું હતું કે વેપાર કરાર અંગે બંને દેશો વચ્ચે વાટાઘાટોમાં તેજીના સંકેતો છે, જે આશરે ૫૦ અબજ ડોલરના ભારતીય નિકાસ પરના દબાણને ઘટાડી શકે છે. ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર સોદો કૃષિ અને ડેરી ઉત્પાદનો સહિતના મુદ્દાઓ પર અટકી ગયો હતો અને ટ્રમ્પના વધારાના ટેરિફ પછી વાટાઘાટો અટકી ગઈ હતી.

### વિશેષ

**‘ધર્મ’ અને ‘ધમ્મ’ આ બંને શબ્દો અને તેના ગહન ખ્યાલ, ભારતભૂમિની વિશ્વને દેન : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત**

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના પ્રેરક સંબોધન સાથે ૯મી આંતરરાષ્ટ્રીય ધર્મ-ધમ્મ પરિષદનો અમદાવાદમાં પ્રારંભ









। (માહિતી) ડાંગ ।

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ઈન્ડિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત ૯મી આંતરરાષ્ટ્રીય ધર્મ-ધમ્મ પરિષદ ૨૦૨૫નો આજે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રાંગણમાં શુભારંભ થયો હતો. આ પ્રતિષ્ઠિત પરિષદનું ઉદ્ઘાટન ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કર્યું હતું, જેમાં કેન્દ્રીય મંત્રીશ્રી, આંતરરાષ્ટ્રીય મહેમાનો અને વિવિધ ધર્મના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પરિષદની મુખ્ય થીમ ‘કર્મ, પુનઃજન્મ, દેહાંતરણ અને અવતાર સિદ્ધાંત’ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે યોજાયેલી આ પરિષદમાં ઉપસ્થિત જ્ઞાનપિપાસુ શ્રોતાઓને સંબોધન કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, ‘ધર્મ’ અને ‘ધમ્મ’ આ બંને શબ્દો અને તેના ગહન ખ્યાલ, ભારતભૂમિની વિશ્વને દેન છે. તેમણે ભારતીય શાસ્ત્રોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, “ધર્મો રક્ષતિ રક્ષિતઃ” અર્થાત જે ધર્મની રક્ષા કરે છે, ધર્મ તેની રક્ષા કરે છે. આ વિભાવનાને વિશાળ દ્રષ્ટિકોણથી સમજવાની જરૂર છે. પ્રથમ તો ધર્મની વ્યાખ્યા સમજવી પડે, ધર્મ એટલે શું તે જાણવું પડે. ધર્મ વિશેની સવર્શ્રેષ્ઠ વ્યાખ્યા ભગવદ્ ગીતામાં કરવામાં આવી છે, જે મુજબ, ‘જે હું મારા માટે ઈચ્છું, તે જ બીજા માટે કરું તે ધર્મ.’ પોતાના વકતવ્યમાં શાસ્ત્રોને ટાંકીને રાજ્યપાલશ્રીએ કહ્યું કે, . અર્થાત્ સત્ય અને દયા પરમેશ્વરે સૌમાં મૂક્યાં છે અને તે સૌને પ્રિય છે. સૌ કોઈ ઈચ્છે છે કે મારી સાથે સત્ય વ્યવહાર થાય, મારી સાથે ક્રૂર વ્યવહાર ન થાય. પણ જેવી તે અપેક્ષા રાખે છે, તેવું તે બીજા સાથે આચરતો નથી. જો મનુષ્ય પોતે પણ તેવું જ આચરે તો ધર્મની માંગલિક સ્થિતિનાં દર્શન થાય. રાજ્યપાલશ્રીએ વધુમાં સ્પષ્ટતા કરતા કહ્યું કે, હિંસા-અહિંસા, સત્ય-અસત્ય, પરિગ્રહ-અપરિગ્રહ આમાંથી ધર્મ શું છે અને અધર્મ શું છે તે ચકાસવું હોય તો એ જોવું પડે કે કોણ વધુ ટકે છે અને શું શાશ્વત છે. અહિંસા કે હિંસા, સત્ય કે અસત્ય, જેનો અમલ કરવાથી વ્યવસ્થા અને સંસાર ટકી જાય, તે જ ધર્મ છે. આ તકે રાજ્યપાલશ્રીએ ઉપનિષદમાં આલેખિત કર્મ અને પુનઃજન્મના ગહન ખ્યાલને સ્પષ્ટ કર્યા હતા અને તેની ઊંડાણપૂર્વકની સમજ ઉપસ્થિતોને આપી હતી. તેમણે ઈશ્વરના ગુણોનું વર્ણન કરીને સમજાવ્યું કે સદગુણોને જાણવાથી અને અનુસરવાથી ઈશ્વર મળે છે, અને આ થકી તેમણે ભક્તિ માર્ગની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. રાજ્યપાલશ્રીએ પુનઃજન્મ અને કર્મફળ જેવા સિદ્ધાંતો માટે સ્વામી દયાનંદ સરસ્વતીની ટિપ્પણી અને સમજણ અંગે વિશદ છણાવટ કરી હતી. આ પ્રસંગે ભારતના કેન્દ્રીય સાંસ્કૃતિક અને પ્રવાસન વિભાગના મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે પોતાનું વક્તવ્ય આપતા જણાવ્યું કે, માનવના અસ્તિત્વના મૂળભૂત પ્રશ્નો અને તેના જવાબ શોધવાની જહેમતે જ વિવિધ માનવ સભ્યતાને આકાર આપ્યો છે. ‘હું કોણ છું?’, ‘હું શા માટે છું?’, ‘મારા અસ્તિત્વનો ધ્યેય શું છે?’ આવા પ્રશ્નો માનવીને હજારો વર્ષોથી થતા આવ્યા છે. આ સવાલોએ જ માનવ સભ્યતા, સંસ્કૃતિ અને પરંપરાઓને આકાર આપ્યો છે અને માનવીની પ્રગતિને દિશા આપી છે. કોઈ સભ્યતા કેવા આધ્યાત્મિક સવાલો પૂછે છે અને તેના જવાબ કેવી રીતે શોધે છે, તેના આધારે તેની પ્રગતિ નક્કી થતી હોય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, અર્થાત્ ધર્મ વિનાનો માનવી પશુ સમાન છે. ધર્મ અને ધમ્મ એકબીજાના પૂરક છે. પરિષદની મુખ્ય થીમ ‘કર્મ, પુનઃજન્મ, દેહાંતરણ અને અવતાર સિદ્ધાંત’ છે. આ આધ્યાત્મિક ખ્યાલોની માનવ જીવનમાં ઉપયોગીતા અંગે પણ કેન્દ્રીય મંત્રીશ્રીએ વિસ્તૃત વિવેચન કર્યું હતું. આ ગરિમામય પરિષદમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ખજાનચી સ્વામી શ્રી ગોવિંદ દેવગિરિ મહારાજ, ભૂતાનના રોયલ ગવર્નમેન્ટના ગૃહ મંત્રી શ્રી ત્શેરિંગ, મોરેશિયસના કળા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી મહેન્દ્ર ગોંદીયા, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રીમતી અમીબેન ઉપાધ્યાય સહિત વિવિધ ધાર્મિક સંગઠનો સાથે સંકળાયેલા મહાનુભાવો, અગ્રણીઓ, અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# ભારતીય મૅરીટાઇમ સેક્ટર

## વિકાસની લહેરો, વિશ્વાસનો આધાર

# समुद्र से समृद्धि

મૅરીટાઇમ સેક્ટરની કાયાકલ્પ



માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદ્‌હસ્તે

## ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

### ₹૭,૬૭૦+ કરોડ

(MoPSW, ભારત સરકાર)ની યોજનાઓ

**ભારતના સમુદ્રી તટીય વિકાસના નવા દ્વાર**

- **શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ઓથોરિટીની 3 યોજનાઓ:** કન્ટેનર ટર્મિનલ (PPP) દ્વારા વેપારને પ્રોત્સાહન, ફ્લોટિંગ LNG ટર્મિનલથી ઊર્જા પુરવઠામાં વધારો તથા બર્થ આધુનિકીકરણથી પોર્ટ કામગીરીમાં કાર્યક્ષમતામાં થશે વધારો.
- **પારાદીપ પોર્ટ ઓથોરિટીની ૪ યોજનાઓ:** નવા ૨ બર્થનું લોકાર્પણ અને હાલના ૨ બર્થનું મશીનીકરણ જેથી કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં થશે વધારો.
- **કામરાજર પોર્ટ લિમિટેડની ૨ યોજનાઓ:** સુરક્ષિત અને સાતત્યપૂર્ણ પોર્ટ કામગીરી માટે HSE અનુસરણ અને સંરચનાને મજબૂત બનાવશે.
- **દીનદયાળ પોર્ટ ઓથોરિટીની ૧૧ યોજનાઓ:** ઉન્નત મૉનિટરિંગ અને સુરક્ષા સિસ્ટમ, ગ્રીન બાયો-મીથેનોલ પ્લાન્ટ, બહુહેતુક કાર્ગો બર્થ, નવી ઓઇલ જેટ્ટી, સિવિલ વર્ક અને બર્થ અપગ્રેડેશન – જે વેપાર અને સ્થિરતામાં સુધારો કરશે.
- **ઇનલેન્ડ વૉટરવેઝ ઓથોરિટી ઑફ ઇન્ડિયા (IWAI)ની 3 યોજનાઓ:** ૨ સ્થળોએ શિપ રિપેરિંગ સુવિધાઓ તથા ૧ ફ્રેઇટ વિલેજ – જે આંતરિક પરિવહન અને લોજિસ્ટિક્સ સિસ્ટમને બનાવશે મજબૂત.
- **ચેન્નાઇ પોર્ટ ઓથોરિટી, મુંબઈ પોર્ટ ઓથોરિટી અને અંદામાન-નિકોબાર હાર્બર વર્કસની ૧-૧ યોજના:** પ્રાદેશિક પોર્ટ સુવિધાઓ અને કનેક્ટિવિટી મજબૂત કરશે.

### ₹૨૫,૯૫૪+ કરોડ

(ભારત સરકાર અને ગુજરાત સરકાર)ની ગુજરાતમાં યોજનાઓ

**રસ્તા, ઊર્જા અને પ્રત્યેક નાગરિકની સુવિધામાં કરશે વધારો**

- **ગુજરાત સરકારની ૧૯ યોજનાઓ:** કનેક્ટિવિટી સુધારવા માટે રસ્તાઓ, સ્વચ્છતા માટે ગટર વ્યવસ્થા, ઉન્નત આરોગ્ય સુવિધાઓ, તટીય સુરક્ષા માટે સી-વોલ્સ અને સ્વચ્છ ઊર્જા માટે સૌર પ્રોજેક્ટ્સ.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની ૨ યોજનાઓ:** ઊર્જા સુરક્ષા માટે રીગેસિફિકેશન ટર્મિનલ અને ઔદ્યોગિક ઉત્પાદન વધારવા માટે એક્રેલિક્સ/ઓક્સો આલ્કોહોલ પ્રોજેક્ટ.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની 3 યોજનાઓ:** સુરેન્દ્રનગર અને વડોદરામાં ૨ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ તથા PM-કુસુમ ફીડર લેવલ સોલરાઇઝેશન – ગ્રામ્ય વીજ પુરવઠાને સશક્ત બનાવશે.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની 3 યોજનાઓ:** ૨ મોટા સૌર પ્રોજેક્ટ (300 મેગાવૉટ અને ૬00 મેગાવૉટ) તથા ૧ પવન ઊર્જા પ્રોજેક્ટ (૫0 મેગાવૉટ) – નવીન ઊર્જા ઉત્પાદન વધારવા માટે.
- **ઊર્જા મંત્રાલયની 3 યોજનાઓ:** ખાવડા સોલર પાર્કનો વિકાસ – 3 વિસ્તારોમાં સ્વચ્છ ઊર્જા ક્ષમતામાં થશે વધારો.
- **માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની ૨ યોજનાઓ:** ગ્રામ્ય વિસ્તારમાં રોડ કનેક્ટિવિટીથી ગુજરાત ગતિશીલતામાં અગ્રેસર

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સર્બાનંદ સોનોવાલ**
માનનીય કેન્દ્રીય મંત્રી
પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ, ભારત

**શ્રી મનસુખ માંડવિયા**
માનનીય કેન્દ્રીય મંત્રી
શ્રમ અને રોજગાર, યુવક બાબતો અને રમતગમત, ભારત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય મંત્રી
જળશક્તિ, ભારત

### અતિથિ વિશેષ

**શ્રી શાંતનુ ઠાકુર**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી
પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ, ભારત

**શ્રીમતી નિમુબેન જે. બાંભણિયા**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી
ગ્રાહકોની બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ, ભારત



૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવાર | સવારે ૦૯:૦૦ વાગે | જવાહર ગ્રાઉન્ડ, ભાવનગર, ગુજરાત

જીવંત પ્રસારણ: DD News | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat